dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 104 | AD - 2025, Paush Vad- 04 | Friday, Dt.17-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ઈસરોએ બે સેટેલાઈટને સફળતાપૂર્વક ડોક કરવાની પ્રક્રિયા પૂરી કરી ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ એકવાર ફરીથી અદ્‌ભુત મિશનને અંજામ આપીને ઈતિહાસ રચ્યો છે. ઈસરોએ બે સેટેલાઈટને સફળતાપૂર્વક ડોક કરવાની પ્રક્રિયા પૂરી કરી હતી. આ મિશન બાદ હવે ભારત અમેરિકા, ચીન, રશિયા બાદ ચોથો એવો દેશ બન્યો છે જેણે આ ઉપલબ્ધિ મેળવી છે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો) એ ગુરુવારે ફરી એકવાર ઈતિહાસ રચ્યો હતો. ઈસરોએ સ્પાડેકસ (સ્પેસ ડોકિંગ એક્સરસાઈઝ) મિશન હેઠળ બે સેટેલાઈટને સફળતાપૂર્વક ડોક કરવાની પ્રક્રિયા પૂરી કરી હતી. આ અગાઉ ઈસરોએ બે વાર ડોકિંગનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ટેક્નિકલ સમસ્યાઓના કારણે ૭ અને ૯ જાન્યુઆરીએ શક્ય બન્યું નહતું.



બીજી માસિક પુણ્યતિથિએ સહૃદય

શ્રદ્ધાંજલી

આંખની કીકીઓ દરેક પળે તારૂ પ્રતિબિંબ ઝીલે છે.
તુ સદેહ અમારી વચ્ચે નથી પરંતુ તારૂ સાનિધ્ય અમારૂ
રોમે રોમ મહેસુસ કરે છે. તારી ઉપસ્થિતીનો ભાસ
અમે પળેપળ અનુભવીએ છીએ.
પ્રભુ તારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.....

સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી)
સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪

લી.

ભરતભાઈ દેવચંદભાઈ ભાયાણી
નિતિન ભરતભાઈ ભાયાણી
લક્ષ્ય મહેશભાઈ ભાયાણી

કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાયાણી)
અરવિંદાબેન કિશોરભાઈ પટેલ
ખુશ્બુ પિયુષકુમાર ગોંડલીયા

ભગવાનભાઈ કેશવભાઈ ભાયાણી
મહેશભાઈ ભગવાનભાઈ ભાયાણી
કિરીટભાઈ ભગવાનભાઈ ભાયાણી

ભાયાણી પરિવાર
સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા. ૧૭-૦૧-૨૦૨૫

અમરેલી જિલ્લામાં રોડ સેફ્ટી માસ-૨૦૨૫ની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૧૬

અમરેલીના સાવરકુંડલા રોડ સ્થિત માર્કેટિંગ યાર્ડ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ અંતર્ગત એ.આર.ટી.ઓ. અમરેલી અને ૧૦૮ ટીમ અમરેલી વિભાગ દ્વારા રોડ સેફટીને લઈને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

શહેર અને ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો અને વાહનધારકોને અકસ્માત નિવારવા રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માર્કેટિંગ યાર્ડ ખાતે ૨૦૦ થી વધુ વાહનોમાં વિનામૂલ્યે રેડિયમ પટ્ટી લગાવવામાં આવી હતી. વાહન ચલાવતી વખતે સીટ-બેલ્ટ બાંધવા, હેલ્મેટ પહેરવું, ડ્રાઈવીંગ શરુ હોય ત્યારે મોબાઈલનો ઉપયોગ ન કરવો, રોંગ સાઈડ વાહન ન ચલાવવા, ઓવરસ્પીડ ન કરવી તથા ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ભારતીય યુવા શક્તિને વૈશ્વિક મંચ પર સ્થાન

અમરેલીના હર્ષ સંઘાણીને યુનાઈટેડ નેશન્સનું આમંત્રણ

અમરેલી, તા.૧૬

ગુજરાતના યુવા નેતા અને સામાજિક કાર્યકર હર્ષ સંઘાણીની યુનાઈટેડ નેશન્સના કાર્યક્રમમાં ભારતના યુવા પ્રતિનિધિ તરીકે પસંદગી થઈ છે. પમી ફેબ્રુઆરીએ અમેરિકામાં યોજાનાર આ કાર્યક્રમમાં તેઓ ભારતનું

પ્રતિનિધિત્વ કરશે. અમરેલીના વતની હર્ષ સંઘાણીએ અગાઉ ગુજરાત વિધાનસભાની યુવા એસેમ્બલીમાં ભાગ લઈને પોતાની નેતૃત્વ ક્ષમતાનો પરિચય આપ્યો હતો. તેમની આ પસંદગી તેમની અદ્ભુત નેતૃત્વ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરના અનુભવોને કારણે શક્ય બની છે. હર્ષ સંઘાણીએ તેમના ફાઉન્ડેશન મારફતે નવીન અને રાષ્ટ્રહિતના અનેક પ્રોજેક્ટ્સમાં ભારતીય યુવાનોને જોડ્યા છે. તેમણે રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ સ્પર્ધાઓ અને મંચો પર પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે.

અમરેલીનાં પત્રકાર ભાવેશ વાઘેલાની અસ્મિતા ન્યૂઝ ચેનલમાં નિમણૂક

અમરેલી,તા.૧૬

અમરેલીનાં પત્રકાર ભાવેશ વાઘેલાની સારી કામગીરી બદલ અસ્મિતા ન્યૂઝ ચેનલમાં બ્યૂરો ચીફ તરીકે વરણી કરવામાં આવી છે. અમરેલી જિલ્લા પત્રકારત્વક્ષેત્રે ભાવેશ વાઘેલાએ સારી કામગીરી કરેલ હોય ન્યૂઝ ચેનલ દ્વારા તેમને જિલ્લાનાં એકમાત્ર પ્રતિનિધિત્વ તરીકે નિમણૂક આપી છે. આ

વરણીને અમરેલીનાં પત્રકારો અને મિત્રોએ આવકારી અને તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

રાજુલાના ભેરાઈમાં નિધુદાદાની પુણ્યતિથિ નિમિત્તે હનુમાન ચાલીસા પાઠ યોજાશે

રાજુલા, તા.૧૬

રાજુલાના ભેરાઈ ગામના નિવૃત્ત પ્રિન્સિપાલ અને રામજી મંદિરના પૂજારી સ્વ. નવનીતરાય ઝંડુભાઈ વ્યાસ (નિધુદાદા)ની આજે ૧૫ મી વાર્ષિક પુણ્યતિથિ છે. તેમણે આજીવન ભેરાઈ પ્રાથમિક શાળામાં તન, મન અને ધનથી



સેવા આપી હતી. તેમણે બાજુના ઉચૈયા ગામે લોકો પાસેથી ભંડોળ ઉભું કરીને સ્કૂલનો રૂમ રીપેર કરાવેલ હતો. તેમણે સ્કૂલમાં નિઃસ્વાર્થ સેવા બજાવીને લોકોનાં હૃદયમાં સ્થાન મેળવેલ. તેમનું નામ નવનીતરાય હોવા છતાં તેઓ નિધુદાદાના હુલામણા નામે જ જાણીતા હતા. આજે ૧૭/૦૧/૨૦૨૫ ના રોજ તેમની વાર્ષિક તિથિના દિવસે રામજી મંદિરમાં હનુમાન ચાલીસાના પાઠ કરીને તેમને શ્રદ્ધાંજલિ અપાશે. તેમણે આપેલા જ્ઞાન અને શિક્ષણને કારણે કેટલાય લોકો આજે મુંબઈ, અમદાવાદ અને વિદેશમાં સ્થાયી થયા છે.

લાઠીના મતીરાળા ગામે રોડ પર ભુંડ આવતાં કાર ખાનગી બસ સાથે અથડાઈ

લાઠી, તા.૧૬

લાઠીના મતીરાળા ગામે રોડ પર અચાનક ભુંડ આડું ઉતરતા ફોરવ્હીલ ચાલકે સંતુલન ગુમાવતાં ખાનગી બસ સાથે અથડાઈ હતી. જોકે કોઈ જાનહાનિ થઈ નહોતી. બનાવ અંગે ભુપેન્દ્રભાઈ બચુભાઈ બગડા (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, તેઓ અમરેલી સિંચાઈ વિભાગમાં આઉટસોર્સ ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. અમદાવાદથી પરત અમરેલી આવતા હતા તે દરમિયાન ચાવંડ ગામેથી આશરે એક કિલોમીટર દૂર અમરેલી તરફ પહોંચતા પોતાના હવાલાવાળી મારૂતિ સુઝુકી કંપનીની સ્વીફટ કાર જેના રજી.નં.GJ-૧૮-GB-૨૫૩૪ ની આગળ અચાનક રોડ પર ભુંડ આવતા કારને તારવવા ગયા હતા. આ સમયે તેમની કાર સામેથી આવતી હરીધામ ટ્રાવેલ્સની રજી નં.GJ-૦૫-CW-૯૦૯૩ ના આગળના ભાગે ભટકાતા શરીરે ઈજાઓ થઈ હતી.

કેરીયાનાગસ ગામે કૂવામાં પડી જતા વ્યક્તિનું મોત નિપજ્યું

અમરેલી તા. ૧૬

અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે રણછોડભાઈ વલ્લભભાઈ સાવલિયાની વાડીમાં કોઈ અજાણી વ્યક્તિ પડી જવાની ઘટના બનેલ હતી. આ અંગેની જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમમાં કરવામાં આવતા વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ૪૦ મિનિટની મહેનત બાદ વ્યક્તિના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો. જાણવા મળતી વિગત પ્રમાણે મૃતકનું નામ ભુપતભાઈ નાગજીભાઈ વિશલપરા હોવાનું સામે આવ્યું છે. ફાયર ફાઈટરની કામગીરીમાં હિંમતભાઈ બાંભણિયા, ભગવતસિંહ ગોહિલ,

સવજીભાઈ ડાભી અને સાગરભાઈ પુરોહિત સહિતનો સ્ટાફ જોડાયો હતો.

કલા મહાકુંભમાં ૨ સ્પર્ધકોએ બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લા કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધાનું ૧૧-૧૨ જાન્યુઆરીના રોજ આયોજન થયું હતું. જેમાં તાલુકા કક્ષાએ પ્રથમ આવેલા જિલ્લાના કુલ ૧૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તે સ્પર્ધાની ૬ થી ૧૪ વર્ષ કેટેગરીમાં તબલામાં ત્રિવેદી શ્લોક મેહુલભાઈ અને એકપાત્રીય અભિનયમાં પંડ્યા કિશીવ આકાશભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.

રાજુલામાં રવિવારે સરવૈયા પરિવાર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

રાજુલા, તા.૧૬

રાજુલામાં સરવૈયા પરિવાર દ્વારા સ્વ. દિનેશભાઈ લાલજીભાઈ સરવૈયાની નવમી પુણ્યતિથિ નિમિત્તે રવિવાર, ૧૯ જાન્યુઆરીએ બ્લડ ડોનેશનનું આયોજન કરાયું છે. શહેરમાં રાજુલા વૃદ્ધાશ્રમ કૃષ્ણનગર સોસાયટી, એસટી બસ સ્ટેન્ડ પાછળ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ સાથે બીપી અને ડાયાબિટીસ ફ્રી ચેકઅપ તેમજ

નિદાન કેમ્પ અને ૭૦ વર્ષથી ઉપરના વડીલો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પનું આયોજન ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના સહયોગથી કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ડો. બલદાણીયા, ડો. વિપુલ બાવળીયા તેમજ ડો. ઉર્મિલાબેન સેવા આપશે. આ કાર્યક્રમમાં ભક્તિરામ બાપુ, હીરાભાઈ સોલંકી અને પરમ પૂજ્ય શ્રી નારાયણ સ્વામી ઉપસ્થિત રહેશે. આ કેમ્પનો લાભ લેવા સાગરભાઈ સરવૈયાએ લોકોને અપીલ કરી છે.

સાવરકુંડલામાં રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદ રમતોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા નગરપાલિકા સંયોજક મિત્રો દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસના અનુસંધાને એમ.એલ.શેઠ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે સ્વામી વિવેકાનંદ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના માર્ગદર્શન હેઠળ રસ્સાખેંચ, લીંબુ ચમચી, સંગીત ખુરશી જેવી વિવિધ

તસવીર : સૌરભ દોશી

રમતોનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓને રમત અને સ્વાસ્થ્ય પ્રત્યે પ્રોત્સાહિત કરવા અને વિકસિત ભારત માટેના વિચારો વિશે અવગત કરવાના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોની ચાર ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે મેહુલભાઈ ત્રિવેદી, સંદીપકુમાર ખડદિયા, પ્રિન્સિપાલ રિદ્ધિબેન સોમૈયા, ભાવેશભાઈ વિકમા, નીરજભાઈ ત્રિવેદી, ગીરીશભાઈ નાંદોલીયા, લક્ષિતભાઈ મહેતા તેમજ સ્કૂલના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સા.કુંડલા સરકારી કન્યાશાળાની વિદ્યાર્થિનીઓ આઈ.સી.આઈ.સી.આઈ.બેંકની મુલાકાતે

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા મણીભાઈ ચોક ખાતે આવેલ સરકારી શાળા નંબર બે કન્યાશાળાની વિદ્યાર્થિનીઓએ સાવરકુંડલા સ્ટેશન રોડ ખાતે આવેલ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની મુલાકાત લીધી હતી અને બેંકમાં થતી વિવિધ કામગીરી વિશે માહિતી મેળવી હતી. જેમાં

આઈ.સી.આઈ.સી.આઈ. બેંક સાવરકુંડલાના બ્રાન્ચ મેનેજર નિશાંક ગોસ્વામી અને ડેપ્યુટી બ્રાન્ચ મેનેજર શૈલેષભાઈ વાઘેલાએ બેંકમાં અપાતી તમામ સેવાઓ વિશે વિદ્યાર્થિનીઓને માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ માટેની જરૂરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન કન્યાશાળાના આચાર્ય ભારતીબેન રાઠોડ અને શિક્ષકો દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. આ તકે અબ્દુલભાઈ રાઠોડ, મહેશ મકવાણા, ભરતભાઈ ખુમાણ, ચેતનભાઈ વેકરીયા વગેરે બેંક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

મુખ્યમંત્રી, રાજયપાલ, કેન્દ્રીય મંત્રી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે

અમરેલીમાં ધર્મજીવન હોસ્પિટલનાં ઉદ્ઘાટન માટે તડામાર તૈયારીઓ

સંતો દ્વારા કાર્યક્રમમાં પધારવા આમંત્રણ પાઠવાયા

અમરેલી, તા.૧૬

અમરેલીમાં રવિવારે જેસીંગપરા ખાતે ૧૦૦ બેડની અદ્યતન ધર્મજીવન હોસ્પિટલનું લોકાર્પણ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિતનાં આગેવાનો અને સંતો-મહંતોની ઉપસ્થિતિમાં થશે. સંસ્થાનાં વડા સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામીનાં આર્શીવાદથી સ્વામી દેવપ્રસાદદાસજીનાં વડપણ હેઠળ હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે. શાસ્ત્રીજી મહારાજ ધર્મજીવનદાસ સ્વામીનાં વતનમાં બની રહેલ હોસ્પિટલનાં ઉદ્ઘાટન સમારોહની સંતો અને હરિભક્તો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી, રાજયપાલ સહિતનાં આગેવાનો અમરેલી પધારી રહ્યા હોય તંત્રએ પણ વિશેષ તૈયારીઓ હાથ ધરી છે. સંતો દ્વારા આગેવાનો અને હરિભક્તોને રૂબરૂ આમંત્રણ પાઠવવામાં આવ્યા છે. ગઈકાલે નવનિર્મિત હોસ્પિટલનાં પટાંગણમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થા દ્વારા રાહતદરે અપાનાર સેવાની માહિતી સ્વામી કૃષ્ણચરણદાસજી, દાતા અને હરિભક્ત રાકેશભાઈ દુધાત અને ડો.ચિરાગ જોષી દ્વારા આપવામાં આવી હતી. અદ્યતન ઓપરેશન થિયેટરથી સજ્જ આ હોસ્પિટલમાં સુપર સ્પેશ્યાલિસ્ટ ડોકટરો દ્વારા દર્દીનારાયણની રાહતદરે સેવાઓ કરાશે.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અધ્યક્ષ દ્વારા મહાકુંભમાં ૩૦ સ્થાન પર ભોજનની વ્યવસ્થા

અમરેલી, તા.૧૬

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભની શરૂઆત થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવિણ તોગડીયા દ્વારા મહાકુંભના મેળામાં ૩૦ સ્થાન પર ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત શ્રદ્ધાળુઓને ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. વિદેશી શ્રદ્ધાળુઓ દ્વારા પણ ભોજન પ્રસાદ લેવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી દેવેશ ઉપાધ્યાય સહિત પરિષદના અનેક પદાધિકારીઓ દ્વારા સેવા આપવામાં આવી હતી.

રાજુલાનાં વિકટર ખાતે પોષણ ઉત્સવ-૨૦૨૪ની ઉજવણી કરાઈ

રાજુલા, તા.૧૬

અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં વિકટર સરકારી હાઈસ્કૂલ ખાતે વિકટર સેજાનો પોષણ ઉત્સવ-૨૦૨૪ અંતર્ગત કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં આંગણવાડી મારફતે વિતરણ કરવામાં આવતા ટેક હોમ રાશન(માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિ) તેમજ સરગવા જેવા પૌષ્ટિક ખાદ્યોની મદદથી પૌષ્ટિક વાનગીઓ તેમજ શ્રી અન્ન જેમાં, જુવાર, બાજરી, કાંગ, બંટી, કોદરી રાગી, મોરૈયો વિગેરે જેવા ભારતીય પરંપરાગત ધાન્યોમાંથી વિવિધ વાનગીઓ બનાવીને લોક જાગૃતિનાં પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા.

તસવીર : ગોપાલ રાઠોડ

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયું

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે ગાધકડા પ્લોટ શાળામાં વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. દીપાશાળા પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ ૭માં ભણતા વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ, મેરિયાણાના સરપંચ હિતેશભાઈ ખાત્રાણી, શાળાના આચાર્ય પિયુષભાઈ જોશી, શિક્ષક ચિંતનભાઈ સુરાણી, ભરતભાઈ કાછડીયા, બાલુભાઈ બોરડ, જીતુભાઈ ખુમાણ અને વિનોદભાઈ વિંઝુંજા, એસએમસી સભ્યો, ગ્રામજનો અને વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા ધારી ખાતે રોડ સેફ્ટી સેમિનાર યોજાયો

અમરેલી, તા.૧૬

તા.૧ જાન્યુઆરીથી તા.૩૧ જાન્યુઆરી દરમિયાન નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા ધારી માર્કેટીંગ યાર્ડ (APMC) ખાતે રોડ સેફ્ટી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. એગ્રીકલ્ચર વાહનો રસ્તા પરથી પસાર થતાં હોય અને રસ્તા પર લાઈટ ન હોય તેવા રસ્તા પરના વાહનો દૂરથી જોઈ શકાય અને અકસ્માત ટાળી શકાય તે ઉદ્દેશ્ય સાથે એગ્રીકલ્ચર ટ્રેકટર, સનેડા તેમજ છકડા રીક્ષા સહિતના ૫૦ થી ૬૦ જેટલા વાહનો પર અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા વિનામૂલ્યે રેડિયમ રિફલેકટર લગાવવામાં આવ્યા હતા. વધુમાં ઓવર સ્પીડમાં વાહનો ન ચલાવવા તેમજ રોંગ સાઈડમાં વાહન ન ચલાવવું. રસ્તાની સાઈડમાં વ્હાઈટ પટ્ટાની અંદર વાહન પાર્ક કરવું. વધારાની LED લાઈટ દૂર કરવા સહિતની બાબતો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અવસાન નોંધ

ચલાલ

ગં.સ્વ.ઈન્દુબેન નાનાલાલ સોમૈયાનું તા.૧૪/૦૧/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે અજીતભાઈ, સ્વ. ગીરીશભાઈ, સ્વ. પ્રફુલાબહેન હિતેષકુમાર સાગલાણી અને ઈલાબહેન શશીકાંતભાઈ માધવાણી (સાવરકુંડલા) અને જાગૃતીબહેન મેહુલકુમાર જોબનપુત્રા (નિવૃત શિક્ષિકા)ના માતૃશ્રી તથા સ્વ.જયંતીભાઈ તન્ના(ચલાલા)ના બહેન થાય છે.

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૯/૨૦૨૪ તા.૦૯/૦૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧. કમુબેન પોપટભાઈ ઝાપડા
રહે. સાકરપરા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-..... ૧. તલાટી કમ મંત્રીશ્રી સાકરપરા-મિતિયાળા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **ભાવેશકુમાર પોપટભાઇ ઝાપડાનો જન્મ તા.૦૪/૦૪/૧૯૯૬** ના રોજ મુ. સાકરપરા-મિતિયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદ્દત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

લાઠીના પ્રતાપગઢ, ભીંગરાડ, છભાડિયા, દામનગરના નાળા-પુલિયા હવે પાકા બનશે, લોકોને મળશે રાહત

લાઠીમાં રૂ.૫૦ લાખના ખર્ચે નાળા-પુલિયાનું થશે નવીનીકરણ

લાઠી,તા.૧૬

લાઠી વિધાનસભા ક્ષેત્રના લોકો માટે રાહતના સમાચાર છે. વર્ષોથી જર્જરિત હાલતમાં રહેલા પથ્થરના નાળા અને પુલિયાઓના નવીનીકરણ માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી રૂ.૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર થઈ છે. આ ગ્રાન્ટથી પ્રતાપગઢ, ભીંગરાડ, છભાડિયા અને દામનગર વિસ્તારના જૂના પથ્થરના નાળા અને પુલિયાઓને સ્થાને નવા આર.સી.સી.ના નાળા-પુલિયા બનાવવામાં આવશે. આ વિકાસ કાર્યથી આ વિસ્તારના રહીશોને મોટી રાહત મળશે. વર્ષોથી

જર્જરિત નાળા-પુલિયાને કારણે સ્થાનિક રહીશોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ સમસ્યાને ગંભીરતાથી લઈ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. તેમના પ્રયાસોને સફળતા મળતા સરકારે આ મહત્વના વિકાસ કાર્ય માટે ગ્રાન્ટ મંજૂર કરી છે.

વાવેરા ગામમાં મધરાતે ચાર સિંહોએ ખૂંટિયા પર કર્યો હુમલો

ગ્રામજનોમાં ભયનો માહોલ : સિંહો ગૌશાળા નજીક CCTVમાં કેદ

રાજુલા, તા.૧૬

ઉત્તરાયણના પર્વે રાજુલા તાલુકાના વાવેરા ગામમાં રાત્રે બેથી ત્રણ વાગ્યાના સુમારે ચાર સિંહો ગામની શેરીઓમાં ફરતા જોવા મળ્યા હતા. આ સિંહોએ

તસવીર : ગોપાલ રાઠોડ

રેઢિયાળ ખૂંટિયા પર હુમલો કરીને તેને ઘાયલ કર્યો હતો. વાવેરા ગૌશાળાની આજુબાજુ લગાવેલા સીસીટીવી કેમેરામાં સિંહો કેદ થયા હતા. અગાઉ પણ અવારનવાર જંગલી પશુઓ ગામમાં આવી આંટાફેરા કરતાં જોવા મળે છે. ત્યારે જંગલી પ્રાણીઓ રહેણાંક વિસ્તારમાં આવતા ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનોએ વન વિભાગને આ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની માંગ કરી હતી. વન્યપ્રાણીઓનાં આંટાફેરાથી ખેડૂતોમાં પણ ફફડાટ ફેલાયો છે.

અમરેલીમાં એક્ટિવા સવાર પાસેથી દેશી અને વિદેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૬

અમરેલીમાં એક્ટિવા સવાર પાસેથી પોલીસે દેશી અને વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. ગોપાલભાઈ ઉર્ફે કાળુ રાધેશ્યામભાઈ જોષી તથા મહાવીરભાઈ સેલારભાઈ ધાધલ એક્ટિવા લઈને પસાર થતા હતા ત્યારે તેમની પાસેથી પાંચ લીટર પીવાનો દેશી દારૂ તથા ઈંગ્લીશ દારૂની એક બોટલ મળી આવી હતી. પોલીસે ૩૭,૪૯૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ધારીના સોઢાપરામાંથી એક મકાનની કાંટાળી વાડમાંથી પાંચ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

જાફરાબાદમાં ૪ તથા સાવરકુંડલામાંથી ૧૭ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જ્યારે જિલ્લામાંથી પાંચ ઈસમો લથડિયા ખાતા મળી આવ્યા હતા.

કલા મહાકુંભમાં રાજુલાની જે.એ.સંઘવી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું ઝળહળતું પ્રદર્શન

રાજુલા,તા.૧૬

રાજુલાની જે.એ.સંઘવી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ કલા મહાકુંભમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. ૧૫ થી ૨૦ વર્ષની વય જૂથમાં વિવિધ કલા વિભાગોમાં વિદ્યાર્થીઓએ ઉમદા દેખાવ કર્યો છે. તાલુકા કક્ષાએ ચિત્રકલામાં રોહિત ગુજરીયા, હાર્મોનિયમમાં રાહુલ બાબરીયા,

તસવીર : ગોપાલ રાઠોડ

ભજન-લોકગીતમાં જયદીપ પરમાર અને સર્જનાત્મક કારીગરીમાં જયદેવ પરમારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. આ સિદ્ધિઓથી પ્રેરાઈને વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેમાં રોહિત ગુજરીયાએ ચિત્રકલામાં પ્રથમ, રાહુલ બાબરીયાએ હાર્મોનિયમમાં દ્વિતીય અને જયદીપ પરમારે ભજન-લોકગીતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સફળતા પાછળ માર્ગદર્શક શિક્ષકો એચ.એન.જાદવ અને આર. એલ.વેકરીયાનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું છે. શાળાના ટ્રસ્ટી બિપીનભાઈ લહેરી અને આચાર્ય જે.એમ.વાઘ સહિત સમગ્ર શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

વડીયાના દેવગામ બાંભણીયા ગામે જવાના રસ્તે પતંગ ચગાવવા મુદ્દે ધડબડાટી બોલી

વેપારીએ ૯ લોકો સામે ફરિયાદ નોંધાવી

વડીયા, તા.૧૬

વડીયાના દેવગામ બાંભણીયા ગામે જવાના રસ્તે પતંગ ચગાવવા મુદ્દે માથાકૂટ થઈ હતી. જેમાં વેપારી પર જાહેરમાં હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે વિનુભાઈ ચકુભાઈ ચાવડા (ઉ.વ.૪૯) એ જયેશ મનુભાઈ ચાવડા, ટીણો ઉફે જયેશ જીણાભાઈ ચાવડા, અજય ખિમાભાઈ ચાવડા, દિનેશ રાજાભાઈ ચાવડા સહિત આઠ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દુકાનેથી અજાણ્યા મજૂરના છોકરાઓ વેચાતી પતંગ લઈ જઈ અને દુકાનની સામે ચગાવતા હતા. આરોપીઓ આ છોકરાઓને પતંગ ચગાવવા દેતા ન હોવાથી તેમને ઠપકો આપ્યો હતો. જેથી સારું નહીં લાગતા આરોપીએ ગેરકાયદે મંડળી રચી હાથમાં લાકડી, હોકી તથા લાખંડના ધારીયાનું પ્રાણ ઘાતક હથિયાર ધારણ કરી આવી તેમને દુકાન બહાર જાહેરમાં બોલાવી પોતાના હાથમાં લાકડાના ધોકા વડે માથાના ભાગે એક ઘા માર્યો હતો. તેમજ મુંઢ ઈજા કરીને તેમના દીકરાને પણ માથાના ભાગે એક એક ઘા મારી હુલ્લડ કર્યું હતું. જે બાદ આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

મકરસંક્રાંતિની પૂર્વ સંધ્યાએ રાજુલા વકીલ મંડળે ગૌશાળામાં દાન કર્યું

રાજુલા,તા.૧૬

રાજુલા વકીલ મંડળે મકરસંક્રાંતિના પવિત્ર અવસરે માનવતાની મહેક પ્રસરાવતું અનોખું કાર્ય કર્યું છે. દાનનો મહિમા ધરાવતા આ તહેવારે મંડળે પૂંજાબાપુ ગૌશાળાને રૂ.૫૧,૫૫૧નું માતબર દાન અર્પણ કર્યું છે. વકીલ મંડળની આ પહેલ એક નિયમિત સેવાકીય પ્રવૃત્તિનો ભાગ છે, જેમાં દર અગિયારસના દિવસે સ્વૈચ્છિક યોગદાન એકત્રિત કરવામાં આવે

છે. આ અભિયાનમાં વકીલો, અરજદારો અને પોલીસ સ્ટાફ સહિત સમાજના વિવિધ વર્ગના લોકો ઉમળકાભેર ભાગ લે છે. વર્ષ દરમિયાન એકત્રિત થયેલી આ રકમ દર વર્ષે મકરસંક્રાંતિના શુભ દિવસે પૂંજાબાપુ ગૌશાળાને અર્પણ કરવામાં આવે છે. આ પહેલ દ્વારા ગૌસેવા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

લાલાવદર પ્રા.શાળામાંથી સુરત બદલી થતાં ભૂતપૂર્વ આચાર્ય રાજેશભાઈ પણસાળાને વિદાય આપવામાં આવી

અમરેલી, તા.૧૬

સરકારી સ્માર્ટ સ્કૂલ લાલાવદરના ભૂતપૂર્વ આચાર્ય રાજેશભાઈ પણસાળાની સુરત કોર્પોરેશનમાં બદલી થતાં વિદાય સન્માન સમારોહ યોજાયો હતો.

જેમાં ગામનાં સરપંચ મંજુલાબેન, ઉપસરપંચ ચેતનભાઈ ધાનાણી, શિક્ષક સંઘના મહામંત્રી રસીકભાઈ મહેતા, એસ.એમ.સી અધ્યક્ષ કસ્તુરબેન મોરવાડીયા, તમામ સભ્યો, ગામજનો વગેરે હાજર રહ્યા હતાં. કાર્યક્રમ શ્રેષ્ઠ બનાવવા કર્મનિષ્ઠ શિક્ષક સુરેશભાઈ, અજયભાઈ, સુધીરભાઈ, કામિનીબહેન કંચનબહેન, ગીતાબેન, વિભાબેને જહેમત ઉઠાવી હતી. આચાર્ય હેતલબેન કુંભાણીએ તમામનો આભાર માન્યો હતો.

જિલ્લામાં અકસ્માતની વધુ ત્રણ ઘટના: એક મહિલા સહિત ત્રણ લોકોના મોત

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ ત્રણ ઘટના બની હતી. જેમાં ત્રણ વ્યક્તિના કરૂણ મોત થયા હતા. મોજે ધરાઈ ગામેથી મોટા દેવળીયા ગામે જવાના હાઈવે રોડ ઉપર ધરાઈ ગામ પાસે અમદાવાદ પાસિંગની ફોરવ્હીલના ચાલકે બાઈક ચાલકને ટક્કર મારી હતી. જેમાં કશરીયા ઉર્ફે કાશીરામનું મોત નિપજ્યું હતું. અમરેલીમાં ચક્કરગઢના પાટીયા પાસે એક ફોરવ્હીલ ચાલકે અમરેલી ચાંદગઢ મોટર સાયકલ લઈને જતાં યુવકને ટક્કર મારી હતી. જેમાં મોટર સાયકલ ચાલકનું મોત થયું હતું.

ઓખાના નવી ધ્રેવાળ ગામના વિરમભાઈ ભીમાભાઈ મોરીએ કેટા ફોરવ્હીલના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પત્ની વિજુબેન સાવરકુંડલામાં રાજધાની હોટલ પાસે માલઢોર ઘેટા બકરા લઈને ચાલીને વીજપડી જતા હતા ત્યારે કેટા ચાલકે આવી ટક્કર મારતાં તેનું મોત થયું હતું.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચોથ
તા. ૧૭-૦૧-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૪,
સૂર્યાસ્ત-૦૫:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

દૈનિક રાશિફળ

તા.૧૭-૦૧-૨૦૨૫ શુક્રવાર

મેષ: રોજગાર માટે પ્રયત્નો કરનારા લોકો માટે સારા સમાચાર મળશે અને તમારા સામાજિક વર્તુળનો વિકાસ થશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ બનશે.

વૃષભ: આજે વેપારના ક્ષેત્રમાં સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે. ધંધાના વિસ્તરણ માટેની યોજના બનાવશો.

મિથુન: આજે નજીક અને દૂર પણ સકારાત્મક પ્રવાસ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિના કારણે ખુબ ખુશી થશે.

કર્ક: કાર્યક્ષેત્રમાં કેટલાંક પરિવર્તન આવશે, જેના કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે પરંતુ તે તમારા માટે ફાયદાકારક રહેશે.

સિંહ: આજનો દિવસ મિશ્રિત રહેશે. કાર્યસ્થળના કર્મી અથવા કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો.

કન્યા: ધંધામાં યોગ્ય સમયે લેવાયેલા નિર્ણયો લાભકારક સાબિત થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

તુલા: વ્યાવસાયિક સહયોગીઓ તમારી સલાહનો લાભ લેશે અને લાભ મેળવશે. વ્યાવસાયિક યાત્રાઓ લાભકારક રહેશે.

વૃશ્ચિક: આજે કાર્યમાં તમારી ઉતાવળથી તમને લાભ થશે. શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે.

ધન: પિતા અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈપણ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા પૂર્ણ થશે. રાજકીય ધન મળવાની સંભાવના પણ છે.

મકર: રાજકીય ક્ષેત્રે કાર્યરત લોકોને સફળતા મળશે. ઘરના વડીલોના આશીર્વાદ તમને પ્રેરણા આપશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા કાર્ય પણ પૂર્ણ થશે.

કુંભ: બિનજરૂરી વ્યાવસાયિક ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. જીવનસાથીના સહયોગથી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે.

મીન: સરકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓને લાભ મળશે અને યોજનાઓને પણ વેગ મળશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં કાર્યસ્થળ સંબંધિત કોઈ નિર્ણય ના લો.

જિલ્લામાં બે સ્થળેથી ૭ ખેલી રૂ. ૨૨,૮૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૧ ખેલીને રૂપિયા ૨૨,૮૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જાફરાબાદના એભલવડ ગામની સીમમાંથી પ્રકાશભાઈ ધીરૂભાઈ વરૂ, હરેશભાઈ ઉર્ફે લાલો કરણભાઈ પરમાર, જુનેદભાઈ અબ્દુલભાઈ જેઠવા જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા કુલ રોકડ રૂ.૧૧,૫૦૦ સાથે ઝડપાયા હતા. જ્યારે ઘનશ્યામભાઈ ઉર્ફે રાધે ગોબરભાઈ મકવાણા, હરેશભાઈ બચુભાઈ વરૂ, ભરતભાઈ પરમાર તથા આંણદુભાઈ ભરવાડ ફરાર થઈ ગયા હતા. વિરપુર ગામની સીમમાંથી રાજુ ઉર્ફે રાજેશભાઈ માણસુરભાઈ બાખલકીયા, સંજયભાઈ અશોકભાઈ મીઠાપરા, લાલજીભાઈ ગણપતભાઈ સોલંકી તથા હિંમતભાઈ સોમાભાઈ ખુમાણ જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા કુલ રોકડ રૂ.૧૧,૫૦૦ સાથે ઝડપાયા હતા.

" ના વાંધા પ્રમાણપત્ર " (એન.ઓ.સી.) બાબતે

-:જાહેર નોટીસ:-

આથી જણાવવામાં આવે છે કે, અમો શ્રી ગોરધનભાઈ પરશોત્તમભાઈ ગેડીયા મુખ્ય પ્રયોજક સુચિત શ્રી ધારી તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી લી. મુ.ચલાલા, તા. ધારી, જિ. અમરેલીની કાર્યક્ષેત્ર અમરેલી જીલ્લાના ધારી તાલુકા પુરતુ રાખેલ હોય જેની નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, અમરેલીને નોંધણી માટે દરખાસ્ત કરવામાં આવનાર હોય જેથી આ માટે સુચિત મંડળીના સુચિત કાર્યવિસ્તારમાં આવેલ આવા જ પ્રકારની તમામ શરાફી સેવા મંડળીઓ તથા સંબંધિત સંસ્થાઓને વાંધા સુચનો હોય તો આ જાહેરાતની પ્રસિધ્ધ થયાની તારીખથી લેખિતમાં રજુઆત દિન-૧૦ ની અંદર અમોને નીચેના સરનામે અથવા તો જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, બ્લોક-સી, ત્રીજો માળ, અમરેલીની કચેરીમાં કચેરી સમય દરમ્યાન રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.

સ્થળ : ચલાલા
તા. / /૨૦૨૫

મુખ્ય પ્રયોજક
(સુચિત) શ્રી ધારી તાલુકા કૃષિ
સેવા સહકારી મંડળી લી.
ધારી

વાંધો સ્વિકારવાનું સ્થળ :
(૧) શ્રી ગોરધનભાઈ પરશોત્તમભાઈ ગેડીયા, મુખ્ય પ્રયોજક સુચિત શ્રી ધારી તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી લી. સ્ટેશન રોડ, ચલાલા, મુ. ચલાલા, તા.ધારી,જિ.અમરેલી
(૨) જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, બ્લોક-સી, ત્રીજો માળ, અમરેલીની કચેરી

ધારીના સરસીયા ગામે તલવાર બતાવી જાનથી મારવાની ધમકી આપી

કૌટુંબિક મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો

ધારી, તા.૧૬

ધારીના સરસીયા ગામે એક પત્રકારને તલવાર બતાવીન જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. કૌટુંબિક મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. હનીફભાઈ દાઉદભાઈ નાડ (ઉ.વ.૫૦)એ ઓસ્માણભાઇ જીણાભાઈ નાડ, સલીમભાઈ ઓસ્માણભાઈ નાડ તથા સમીરભાઈ ઓસ્માણભાઈ નાડ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓ તથા ચેમનીને સંયૂક્ત ખાતાની જમીન સરસીયા ગામની સીમમા આવેલી છે. આરોપી ઓસ્માણભાઈ જીણાભાઈ નાડ સાથે તેમને બે દિવસ પહેલા ઘરમેળે વાતચીત થઈ હતી. આ જમીન તથા મકાનમા તેમને હક્કો હિસ્સો ન આપવામાં આવતાં તેમણે હક્ક હિસ્સો માંગ્યો હતો. જેથી તેને જેમ ફાવે તેમ માર મારવા લાગ્યા હતા અને ઢીકા પાટુ માર્યા હતા. ઓસ્માણભાઈ જીણાભાઈ નાડ ઘરમાંથી તલવાર લઈ આવ્યા હતા અને આજતો આને જાનથી મારી નાખવો છે તેવી ધમકી આપી હતી. જેમ ફાવે ખરાબ ગાળો આપી હતી. જેથી તેમને બીક લાગતા ત્યાંથી નાસી ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ બી સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

હિન્ડનબર્ગ રિસર્ચ બંધ

ભારતને વિકસિત કરવામાં જે કંપનીએ મહત્વનો ફાળો આપ્યો છે તે અદાણીને નુકસાન પહોંચાડી ભારતની પ્રગતિને તોડવાનો હિન્ડનબર્ગનો પ્રયાસ આખરે નિષ્ફળ ગયો છે. આ કંપની અચાનક શટડાઉન થતા વિશ્વભરમાં સનસનાટી મચી ગઈ છે. આ એ જ હિન્ડનબર્ગ છે જેમણે જાન્યુઆરી ૨૦૨૩ માં અદાણી ગ્રુપ વિરુદ્ધ એક સંશોધન અહેવાલ બહાર પાડ્યો હતો, ત્યારબાદ અદાણી ગ્રુપના શેરમાં તીવ્ર ઘટાડો થયો હતો. આ હિન્ડનબર્ગ હવે બંધ થાય છે. તેમ ABPLIVE AIના એક હેવાલમાં જણાવવામાં આવ્યું છે. ગૌતમ અદાણી ભારતના ઉદ્યોગ જગતનો એક ચમકતો તારો કહી શકાય. ગૌતમ અદાણી ભારતના સૌથી પ્રભાવશાળી ઉદ્યોગપતિઓમાંના એક છે. તેમણે અમદાવાદ સ્થિત અદાણી ગ્રુપની સ્થાપના કરી અને ટૂંકા સમયમાં તેને વિશ્વની સૌથી મોટી કંપનીઓમાંની એક બનાવી દીધી. અદાણી ગ્રુપની શરૂઆત નાના પાયે વેપારથી થઈ હતી. પરંતુ ગૌતમ અદાણીની દૂરંદેશી અને મહેનતના કારણે આજે આ ગ્રુપ ઊર્જા, બંદરો, રિયલ એસ્ટેટ, કૃષિ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં સક્રિય છે. ઊર્જા ક્ષેત્રઃ અદાણી ગ્રુપ એ ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની કોલ કંપની છે. તેમણે નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં પણ મોટું રોકાણ કર્યું છે. અદાણી ગ્રુપ પાસે ભારતના કેટલાક સૌથી મોટા બંદરો છે. આ બંદરો દેશના વેપારમાં મહત્વનું યોગદાન આપે છે. અદાણી ગ્રુપ રિયલ એસ્ટેટના ક્ષેત્રમાં પણ સક્રિય છે. તેમણે ઘણા મોટા પ્રોજેક્ટ હાથ ધર્યા છે. આ ઉપરાંત, અદાણી ગ્રુપ કૃષિ, એરોસ્પેસ અને રક્ષા જેવા ક્ષેત્રોમાં પણ સક્રિય છે. ગૌતમ અદાણીની સફળતાના રહસ્યો દરેક માનવીએ સમજીને અમલમાં મુકવા જેવા છે. તેના પોઝિટિવ પોઈન્ટ પણ પાવરફુલ છે. ગૌતમ અદાણી હંમેશા ભવિષ્ય વિશે વિચારતા હોય છે. તેઓ નવા ક્ષેત્રોમાં રોકાણ કરવામાં માને છે. અદાણી ગ્રુપ કાર્યક્ષમતા માટે જાણીતું છે. તેઓ ખૂબ જ ઝડપથી નિર્ણય લે છે અને તેને અમલમાં મૂકે છે. ગૌતમ અદાણી નવા ક્ષેત્રોમાં રોકાણ કરવામાં ડરતા નથી. તેઓ જોખમ લેવામાં માને છે. ગૌતમ અદાણી તેમના કર્મચારીઓને પરિવાર સમાન માને છે. તેઓ તેમના કર્મચારીઓને પ્રોત્સાહિત કરે છે અને તેમને નવા કૌશલ્યો શીખવા માટે પ્રેરિત કરે છે. આની સામે વિકાસ વિરોધીઓએ અનેક વિવાદો પણ ઉભા કર્યા છે. ગૌતમ અદાણી અને અદાણી ગ્રુપ વિવિધ વિવાદોમાં પણ સપડાયા છે. જેમાં શેરબજારમાં હેરાફેરી, પર્યાવરણને નુકસાન અને કર્મચારીઓના શોષણ જેવા આરોપો સામેલ છે. જેમાં હિંડનબર્ગ મુખ્ય છે. અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચ હવે બંધ થઈ ગયું છે. કંપનીના સ્થાપક નેટ એન્ડરસને આ જાહેરાત કરી છે. આ એ જ હિન્ડનબર્ગ રિસર્ચે જાન્યુઆરી ૨૦૨૩માં અદાણી ગ્રુપ વિરુદ્ધ એક રિસર્ચ રિપોર્ટ બહાર પાડ્યો હતો, જેના પછી અદાણી ગ્રુપના શેરમાં ભારે ઘટાડો થયો હતો. હિન્ડનબર્ગ રિસર્ચના વડાએ આ નિર્ણય કેમ લીધો? તેના કારણો હજી જાણવા નથી મળ્યા પરંતુ એક અનુમાન મુજબ તેના પર ભારે પ્રેસર આવ્યું હોવાનું માનવામાં આવે છે. નેટ એન્ડરસને તેમના નિવેદનમાં કહ્યું, મેં ગયા વર્ષના અંતથી પરિવાર, મિત્રો અને અમારી ટીમ સાથે શેર કર્યું છે કે મેં હિન્ડનબર્ગ રિસર્ચને વિસર્જન કરવાનો નિર્ણય લીધો છે. એન્ડરસને જણાવ્યું હતું કે, કંપનીના તપાસ વિચારોની પાઈપલાઈન પૂર્ણ કર્યા પછી તેને બંધ કરવાનો વિચાર હતો. હિન્ડનબર્ગ રિસર્ચે તાજેતરમાં પોન્ઝી યોજનાઓ સંબંધિત તેના છેલ્લા પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા, આમ તેની પ્રવૃત્તિઓનો અંત આવ્યો છે.

આખરે ૧૫ મહિનાથી ચાલતા ઇઝરાયેલ ગાઝા યુદ્ધનો વિરામ કોણ કરી રહ્યું છે..?

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ઈઝરાયલ અને હમાસ વચ્ચે મામલો ઉકેલાઈ ગયો છે. ગાઝામાં ૧૫ મહિનાથી ચાલતા યુદ્ધનો અંત આવ્યો. કતારના વડાપ્રધાને પોતે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ પર કરારની જાહેરાત કરી હતી. તે ૧૯ જાન્યુઆરીથી અમલમાં આવશે. ચાલો જાણીએ કે ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા પાછળનો વાસ્તવિક માસ્ટરમાઈન્ડ કોણ છે? ગાઝા શાંતિપ્રિય દેશ અને લોકોની પ્રાર્થનાઓનો જવાબ મળ્યો છે. દુનિયામાં એક ભયંકર યુદ્ધનો અંત આવ્યો છે. ઈઝરાયલ-હમાસ યુદ્ધ અંગે વિશ્વ માટે એક આશ્વાસન આપનારા સમાચાર છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થઈ ગયું છે. ૧૫ મહિના સુધી ચાલેલા નરસંહારને કારણે ગાઝાની માટી લોહીથી લાલ થઈ ગઈ હતી. પરંતુ હવે ગાઝા શાંતિ અને સુલેહનો શ્વાસ લઈ શકશે. ઈઝરાયલ અને હમાસ યુદ્ધવિરામ કરાર પર સંમત થયા છે. બંને વચ્ચે સોદો કરનાર વ્યક્તિએ પોતે આ વાતની પુષ્ટિ કરી છે. આ એ જ વ્યક્તિ છે જેણે બંને દેશોને પોતાની ધરતી પર સાથે બેસીને વાત કરવા મજબૂર કર્યા. આ એ જ વ્યક્તિ છે જેના શબ્દોનું બીબી એટલે કે બેન્જામિન નેતન્યાહૂ પણ ખંડન કરી શક્યા નહીં. શું તમે જાણો છો કે ઈઝરાયલ-હમાસ યુદ્ધનો અંત લાવવામાં મોટી ભૂમિકા ભજવનાર વ્યક્તિ કોણ છે? સોદો કોણે કર્યો? તે જાણવું રસપ્રદ છે.

જો તમે ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેનના નામો વિશે વિચારી રહ્યા છો, તો થોડી રાહ જુઓ. કતારના વડાપ્રધાન એ વ્યક્તિ છે જેના કારણે ઈઝરાયલ અને હમાસને હત્યા બંધ કરવાની ફરજ પડી છે. હા, કતારના વડાપ્રધાને ગાઝામાં ૧૫ મહિનાથી ચાલી રહેલા વિનાશક યુદ્ધના અંતની જાહેરાત કરી છે. તેમણે ઈઝરાયલ અને હમાસ વચ્ચે અનેક ઈઝરાયલી બંધકોને મુક્ત કરવા માટે યુદ્ધવિરામ કરારની પણ જાહેરાત કરી. કતારના વડાપ્રધાનનું નામ શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાની છે. શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ-થાનીના કારણે, ઈઝરાયલ અને હમાસ મહિનાઓ સુધી દોહામાં બેઠકો કરતા રહ્યા. આખરે તેમને સફળતા મળી અને આજે ઈઝરાયલ-હમાસ યુદ્ધનો અંત આવ્યો. કરાર ક્યારે અમલમાં આવશે? તે સવાલ મહત્વનો છે. કતારના પીએમએ કહ્યું કે ઈઝરાયલ અને હમાસ વચ્ચેનો યુદ્ધવિરામ કરાર ૧૯ જાન્યુઆરી એટલે કે રવિવારથી અમલમાં આવશે. ઈઝરાયલ અને હમાસે પોતે પુષ્ટિ આપી છે કે તેઓ ગાઝા પટ્ટીમાં યુદ્ધ બંધ કરવા માટે યુદ્ધવિરામ કરાર પર સંમત થયા છે. કતારની રાજધાની દોહામાં ઘણા અઠવાડિયાની વાતચીત બાદ બંને આ કરાર પર પહોંચ્યા છે. હવે પ્રશ્ન એ છે કે ઈઝરાયલ અને હમાસ વચ્ચેના કરારમાં શું છે? હકીકતમાં, આ કરારમાં હમાસ દ્વારા બંધકોની તબક્કાવાર મુક્તિ, ઈઝરાયલમાં સેંકડો પેલેસ્ટિનિયન કેદીઓની મુક્તિ અને ગાઝામાં હજારો વિસ્થાપિત લોકોને પાછા ફરવાની મંજૂરી આપવાનો સમાવેશ થાય છે. કતારની ભૂમિકા શું છે? તે જાણવું જરૂરી છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે કતારે મધ્યસ્થી તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાનીએ આ માટે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. કતાર એ દેશ છે જેના પર ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અને હમાસ બંને વિશ્વાસ કરતા હતા. આનું કારણ એ છે કે કતાર એક એવો દેશ છે જેના ઈઝરાયલ, અમેરિકા અને હમાસ સાથે સંપર્કો છે. ભારત સહિત ઘણા દેશોએ ઈઝરાયલ-હમાસ યુદ્ધને રોકવામાં ભૂમિકા ભજવી હતી. આ બધા છતાં, કતારની ભૂમિકા સર્વોપરી છે. વિશ્વનો સૌથી મોટો ગેસ ઉત્પાદક દેશ હોવાને કારણે, કતાર અમેરિકા અને વિશ્વના ઘણા દેશો સાથે સંપર્કમાં રહે છે. તે અમેરિકા પાસેથી શસ્ત્રોનો મુખ્ય ખરીદનાર છે. આ જ કારણ છે કે ઈઝરાયલ અને અમેરિકાને પણ કતાર પર સંપૂર્ણ વિશ્વાસ હતો. શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાની કોણ છે? શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાની કતારના વડાપ્રધાન છે. તેમનો જન્મ ૧ નવેમ્બર ૧૯૮૦ ના રોજ થયો હતો. તેઓ કતારના રાજદ્વારી, અર્થશાસ્ત્રી અને રાજકારણી છે જે ૭ માર્ચ ૨૦૨૩ થી કતારના વડાપ્રધાન છે. આ પહેલા તેઓ નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાનનું પદ પણ સંભાળી ચૂક્યા છે. હમાસ-ઈઝરાયલ યુદ્ધ ક્યારે શરૂ થયું? ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ શરૂ થયું હતું. હમાસે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઈઝરાયલ પર હુમલો કર્યો. તે હુમલામાં ૧,૨૦૦ ઈઝરાયલી લોકો માર્યા ગયા હતા અને ૨૫૦ અન્ય લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. આ પછી ઈઝરાયલે બદલો લીધો. પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓના મતે, ૪૬,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા હતા. વધુમાં, ગાઝાની અંદાજિત ૯૦ ટકા વસ્તી વિસ્થાપિત થઈ ગઈ, જેના કારણે માનવતાવાદી કટોકટી સર્જાઈ. નવેમ્બર ૨૦૨૩ માં એક અઠવાડિયા લાંબા યુદ્ધવિરામ દરમિયાન ગાઝામાંથી ૧૦૦ થી વધુ બંધકોને મુક્ત કરવામાં આવ્યા હતા. 'ભગવાનનો આભાર', ગાઝામાં યુદ્ધના અંતની જાહેરાત પર નેતન્યાહૂ કેમ કહી રહ્યા છે - સોદો હજુ પૂર્ણ થયો નથી. જે ક્ષણની દુનિયા રાહ જોઈ રહી હતી તે આવી ગઈ છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધનો અંત આવ્યો છે. ગાઝામાં ૧૫ મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં ફસાયેલા ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ પર કરાર થયો છે. હમાસ ટૂંક સમયમાં ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે. કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાનીએ પોતે દોહામાં ગાઝા યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. કતારની રાજધાની દોહામાં ઈઝરાયલ અને હમાસ યુદ્ધવિરામ કરાર પર સંમત થયા છે. અહીં બંને વચ્ચે ઘણા અઠવાડિયા સુધી વાતચીત થઈ. બંને વચ્ચેનો યુદ્ધવિરામ કરાર રવિવારથી અમલમાં આવશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના સમાચાર વિશ્વ માટે આશ્વાસન આપનારા સમાચાર છે. આ રીતે મધ્ય પૂર્વમાં એક મોટા યુદ્ધનો અંત આવ્યો. આ કરાર માટે બેન્જામિન નેતન્યાહૂએ પોતે ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેનનો આભાર માન્યો છે.

ગાઝા એ મધ્ય પૂર્વમાં આવેલ એક નાનો દરિયાકાંઠાનો વિસ્તાર છે. ઇઝરાયેલ અને મિસર દ્વારા ઘેરાયેલ આ વિસ્તાર છેલ્લા ઘણા વર્ષોથી વિવાદોનું કેન્દ્ર રહ્યો છે. ગાઝા પ્રાચીન સમયથી વસવાટવાળો વિસ્તાર રહ્યો છે અને અહીં અનેક પ્રાચીન સંસ્કૃતિઓનું અસ્તિત્વ રહ્યું છે. મધ્યયુગમાં આ વિસ્તાર પર આરબોનું શાસન હતું અને તે ઇસ્લામિક વિશ્વનું એક મહત્વનું કેન્દ્ર બન્યું. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ગાઝા પર બ્રિટિશ શાસન સ્થપાયું. ૧૯૪૮માં ઇઝરાયેલની સ્થાપના થયા પછી ગાઝા પર ઇઝરાયેલ અને અરબ દેશો વચ્ચે ઘણા યુદ્ધો થયા. ૨૦૦૭માં હમાસ નામના સંગઠને ગાઝા પર કબજો કર્યો અને ત્યારથી આ વિસ્તારમાં હમાસનું શાસન છે.

ઇઝરાયલ-હમાસ યુદ્ધનો અંત કોણ લાવ્યું? ટ્રમ્પ કે બાઈડેન નહી, કતારના વડાપ્રધાને ગાઝામાં ૧૫ મહિનાથી ચાલી રહેલા વિનાશક યુદ્ધના અંતની જાહેરાત કરી છે.

શબ્દ સંજોગ-૧૯૩૪



આડી ચાવી :
(૧) ભારતનું એક રાજ્ય (૭)
(૬) ઘટ, ખોટ (૩)
(૮) નિગ્રહ, સંયમ (૨)
(૧૦) બદદાનત, કપટ (૨)
(૧૧) છળ, પ્રપંચ (અ) (૩)
(૧૨) ઈતિહાસ (૪)
(૧૫) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (અ) (૩)
(૧૬) પ્રકાર, રીત (૨)
(૨૧) હેત, સ્નેહ (૩)
(૨૨) છેડો, પાલવ (૩)
(૨૪) અંદેશો, સંદેહ (૩)
(૨૫) માગશર ને પોષ મહિનાની ઋતુ (૩)
(૨૬) લશ્કરની પલટણ, સેના (૨)
(૨૭) શહેર (૩)
(૨૮) મનની વૃત્તિ કે ભાવ (૩)

ઉભી ચાવી :
(૧) સમર્થન કરવુ તે (૪)
(૨) અસ્થિર, ચલાયમાન (૨)
(૩) સામર્થ્ય, પ્રભાવ (૩)
(૪) ગાડું (૩)
(૫) એક રાક્ષસ (૩)
(૭) ઉંઘમાં ભાસતો દેખાવ, શમણું (૩)
(૯) મોળુ, નરમ (૩)
(૧૦) ફુલની ચાદર (૩)
(૧૩) વીસ ઘા કાગળ (૨)
(૧૪) મહેરબાની, દયા (૨)
(૧૭) એક સુગંધીદાર વનસ્પતિ (૩)
(૧૮) સંત આપાગીગાની સમાધિ (૪)
(૧૯) મથુરા જીલ્લાનું એક શહેર (૪)
(૨૦) કાળ, સમય (૩)
(૨૩) સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
(૨૬) ખભા નીચેનો હાથનો સાંધો (૨)

શબ્દ સંજોગ-૧૯૩૩ જવાબ

આડી ચાવીઃ (૧) યદા (૩) સપ્રેમ (૫) ભાગ્યે (૬) સમય (૮) કવન (૧૧) વાતાવરણ (૧૪) મેખ (૧૬) જાજમ (૧૮) બરડ (૨૦) ધારણ (૨૧) નીરસ (૨૩) સહ (૨૫) પ્રશંસનીય (૨૯) મોદક (૩૦) રદિયો (૩૨) લક્ષ (૩૩) રસમ (૩૪) ગીચ.
ઉભી ચાવીઃ (૨) દાસ (૩) સમતા (૪) મકર (૫) ભાન (૭) નવા (૯) વણજાર (૧૦) નમે (૧૨) વતી (૧૩) વામ (૧૫) ખબર (૧૭) જણસ (૧૯) રસપ્રદ (૨૧) નીર (૨૨) ફાંસ (૨૪) હઠ (૨૬) શંકર (૨૭) નીરમ (૨૮) યદિ (૨૯) મોક્ષ (૩૧) યોગી.

માર્કેટયાર્ડના ભાવ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૩૬૦	૧૫૨૬
ઘઉં લોકવન	૫૯૪	૬૩૬
ઘઉં ટુકડા	૬૦૮	૬૬૬
જુવાર સફેદ	૭૯૦	૮૯૩
જુવાર લાલ	૮૦૦	૧૦૮૪
જુવાર પીળી	૪૪૧	૫૪૪
બાજરી	૪૯૫	૫૧૪
તુવેર	૧૩૨૦	૧૭૦૦
ચણા પીળા	૧૦૫૦	૧૨૮૨
ચણા સફેદ	૧૦૦૦	૨૨૮૦
અડદ	૧૩૦૦	૧૬૦૦
મગ	૧૫૩૦	૧૯૪૩
વાલ દેશી	૧૨૦૦	૧૫૫૦
ચોળી	૧૩૧૫	૨૧૮૦
મઠ	૮૨૦	૧૩૨૧
મગફળી જાડી	૯૧૦	૧૧૪૧
મગફળી જીણી	૯૩૦	૧૨૩૦
તલી	૧૭૫૦	૨૨૫૦
સુરજમુખી	૯૪૫	૯૪૫
એરંડા	૧૨૧૨	૧૨૩૪
અજમો	૧૨૫૦	૨૪૯૯
સોયાબીન	૮૦૦	૮૨૭
સીંગફાડા	૧૦૪૦	૧૨૮૦
કાળા તલ	૩૦૦૦	૪૬૫૦
લસણ	૧૪૧૧	૨૯૦૦
ધાણા	૧૨૫૦	૧૫૬૮
મરચા સુકા	૧૩૩૦	૨૪૪૦
ધાણી	૧૩૫૦	૧૬૨૧
વરીયાળી	૧૧૭૫	૧૪૪૪
જીરૂ	૪૦૦૦	૪૩૫૧
રાય	૧૦૦૦	૧૩૦૦
મેથી	૯૯૦	૧૧૨૩
રાયડો	૯૬૦	૧૦૫૦
ગુવારનું બી	૯૪૫	૧૦૨૫
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૪૦૦	૯૦૦
બટેટા	૨૫૦	૩૨૦
ડુંગળી સુકી	૧૨૫	૪૪૦
ટમેટા	૧૦૦	૩૦૦
સુરણ	૧૦૦૦	૧૪૦૦
કોથમરી	૧૦૦	૨૫૦
મુળા	૨૫૦	૪૫૦
રીંગણા	૧૬૦	૩૦૦
કોબીજ	૬૦	૮૦
ફ્લાવર	૨૦૦	૨૪૦
ભીંડો	૬૦૦	૧૦૦૦
ગુવાર	૧૨૦૦	૧૬૦૦
ચોળાસીંગ	૮૦૦	૧૦૦૦
વાલોળ	૧૬૦	૩૦૦
ટીંડોરા	૫૦૦	૮૦૦
દુધી	૨૦૦	૩૦૦
કારેલા	૬૦૦	૮૦૦
સરગવો	૪૦૦	૧૨૦૦
તુરીયા	૮૦૦	૧૨૦૦
પરવર	૧૦૦૦	૧૪૦૦
કાકડી	૮૦૦	૧૨૦૦
ગાજર	૨૦૦	૩૦૦
વટાણા	૭૪૦	૮૪૦
તુવેરસીંગ	૩૦૦	૬૦૦
ગલકા	૫૦૦	૬૦૦
બીટ	૧૦૦	૩૦૦
મેથી	૧૦૦	૨૫૦
વાલ	૫૦૦	૬૦૦
ડુંગળી લીલી	૨૦૦	૪૦૦
આદુ	૭૦૦	૮૦૦
ચણા લીલા	૧૫૦	૪૦૦
મરચા લીલા	૪૦૦	૮૦૦
હળદર લીલી	૧૦૦૦	૧૨૦૦
લસણ લીલું	૧૦૦૦	૨૦૦૦
મકાઇ લીલી	૧૬૦	૩૪૦
અમરેલી		
શિંગ મઠડી	૮૦૦	૧૧૨૭
ગિરનારી શીંગ	૧૧૪૩	૧૧૪૩
શિંગ મોટી	૮૧૫	૧૧૭૨
શિંગદાણા ફાડા	૯૦૦	૧૨૫૬
તલ સફેદ	૧૫૦૦	૨૩૮૭
તલ કાળા	૨૨૦૦	૪૬૫૦
તલ કાશ્મીરી	૨૭૮૫	૨૮૭૫
બાજરો	૫૪૨	૫૫૨
જુવાર	૪૦૬	૮૨૬
ઘઉં ટુકડા	૫૮૬	૬૫૬
ઘઉં લોકવન	૫૦૮	૬૭૦
અડદ	૧૧૫૦	૧૫૮૦
ચણા	૯૧૫	૧૨૨૨
તુવેર	૧૦૪૦	૧૭૨૦
કપાસ	૯૯૦	૧૫૩૮
એરંડા	૧૧૮૬	૧૨૦૨
જીરૂ	૨૭૦૦	૪૩૯૫
ધાણા	૧૧૮૦	૧૩૧૫
સોયાબીન	૫૭૦	૮૪૦
મરચા લાંબા	૩૭૦	૩૩૧૦
અમરેલી (શાકભાજી)		
બટેટા	૩૨૦	૫૦૦
રીંગણાં	૫૦૦	૬૦૦
ફુલાવર	૧૨૦	૨૦૦
કોબીજ	૧૦૦	૨૦૦
શકકરીયા	૫૨૦	૭૦૦
ટામેટા	૧૫૦	૨૫૦
સુરણ	૧૦૦૦	૧૨૦૦
ગાજર	૪૦૦	૫૦૦
દૂધી	૧૨૦	૨૮૦
કારેલા	૭૦૦	૮૦૦
ગલકા	૪૦૦	૫૦૦
મુળા	૧૬૦	૨૨૦
કાકડી	૩૨૦	૬૫૦
ગુવાર	૮૨૦	૧૬૪૦
વાલોળ	૪૨૦	૭૦૦
વટાણા	૭૫૦	૮૦૦
ચોળા લીલાં	૪૨૦	૭૦૦
તુરીયા	૮૧૦	૧૦૦૦
આમળા	૬૦૦	૭૦૦
તુવેર	૩૦૦	૫૦૦
ભીંડો	૫૨૦	૮૦૦
હળદર લીલી	૮૦૦	૯૪૦
આદુ	૭૨૦	૮૦૦
કોથમીર	૩૦૦	૫૦૦
મેથીભાજી	૨૦૦	૩૫૦
ફુદીનો	૫૦૦	૬૦૦
ટીંડોરા	૭૦૦	૮૦૦
બીટ	૪૦૦	૬૦૦
વાલ	૮૦૦	૧૦૦૦
સરગવો	૮૨૦	૧૨૪૦
લીમડો મીઠો	૩૦૦	૩૫૦
મરચા લીલા	૬૦૦	૯૦૦
મરચા લાલ	૪૦૦	૯૪૦
ડુંગળી લીલી	૨૦૦	૪૦૦
ડુંગળી સૂકી	૧૦૦	૪૦૦
લસણ લીલુ	૧૮૦૦	૩૦૦૦
લસણ સુકુ	૩૩૦૦	૩૩૦૦
મકાઈ	૩૦૦	૪૨૦
લીંબુ	૮૪૦	૧૦૪૦
પાલક	૨૨૦	૩૨૦
ગોંડલ		
ગોગળી	૭૮૧	૯૫૧
કપાસ બી. ટી.	૧૨૦૧	૧૪૭૬
ઘઉં લોકવન	૬૧૪	૬૫૨
ઘઉં ટુકડા	૬૨૫	૭૩૪
મગફળી જીણી	૭૧૧	૧૧૫૧
સિંગ ફાડીયા	૮૬૧	૧૨૫૧
એરંડા / એરંડી	૧૧૩૧	૧૨૬૧
જીરૂ	૩૯૫૧	૪૩૮૧
કલંજી	૧૫૦૦	૩૬૪૧
વરીયાળી	૮૯૧	૧૫૦૧
ધાણા	૮૦૦	૧૬૩૧
અડદ	૧૦૨૧	૧૬૧૧
મઠ	૧૧૫૧	૧૨૧૧
તુવેર	૯૦૦	૧૭૫૧
મેથી	૪૪૧	૭૯૧
સુવાદાણા	૧૧૫૧	૧૩૬૧
કાંગ	૧૧૧૧	૧૧૩૧
મગફળી જાડી	૬૨૧	૧૨૦૬
સફેદ ચણા	૧૧૦૦	૨૧૮૧
તલ - તલી	૧૭૦૧	૨૫૧૧
ધાણી	૧૦૦૦	૧૮૧૧
ડુંગળી સફેદ	૨૧૧	૩૩૧
બાજરો	૪૧૧	૫૭૧
જુવાર	૪૭૧	૮૨૧
મકાઇ	૪૪૧	૫૧૧
મગ	૮૦૧	૧૮૨૧
ચણા	૧૦૫૦	૧૩૩૧
વાલ	૪૪૧	૧૧૯૧
સોયાબીન	૭૦૧	૮૪૧
અજમાં	૧૬૦૧	૧૬૦૧
ગોગળી	૬૨૫	૯૩૧
સાવરકુંડલા		
શીંગ જીણી	૯૫૦	૧૧૬૧
શીંગ મોટી	૧૦૦૦	૧૨૨૦
તલ સફેદ	૨૧૦૦	૨૩૪૩
તલ કાળા	૪૧૮૦	---
જીરૂ	૪૩૦૩	૪૩૨૫
કપાસ	૧૩૭૦	૧૪૯૦
ઘઉં લોકવન	૫૬૧	૬૪૩
ઘઉં ટુકડા	૫૫૧	૬૭૫
બાજરો	૫૮૧	૭૧૨
જુવાર	---	૭૬૮
મગ	---	૨૧૦૫
અડદ	૧૨૨૫	૧૨૯૦
ચણા	૧૧૨૫	૧૧૬૧
તુવેર	૧૧૫૯	૧૫૬૪
ધાણા	---	૧૧૮૦
સોયાબીન	૭૭૦	૮૨૭
બાબરા		
કપાસ શંકર	૧૪૩૦	૧૫૪૨
કપાસ મીડીયમ	૧૨૨૦	૧૩૭૦
મગફળી ૨૦નં.	૧૦૬૫	૧૧૪૫
મગફળી બી.ટી.	૯૫૨	૧૦૬૮
ઘઉં	૫૦૮	૬૭૨
સોયાબીન	૭૬૬	૭૭૪
જીરૂ	૩૯૯૦	૪૧૦૦
બગસરા		
કપાસ	૧૩૦૦	૧૫૧૨
ઘઉં લોકવન	૫૮૦	૬૨૫
ઘઉં ટુકડા	૬૦૦	૬૩૩
તુવેર	૧૪૨૦	૧૪૨૦
સોયાબીન	૫૦૦	૮૦૦
મગફળી	૭૯૦	૮૭૫
ચણા	૧૧૮૦	૧૧૮૦
મકાઈ	૬૨૫	૬૨૫
ધાણા	૧૨૪૦	૧૪૪૦
શીંગદાણા	૧૦૬૫	૧૦૬૫
મેથી	૯૨૦	૯૨૦
રાજુલા		
શીંગ	૯૦૦	૧૦૩૦
તલ સફેદ	૨૧૦૦	૨૨૯૦
તલ પીળા	૨૬૦૦	૨૭૬૦
કપાસ	૧૨૬૧	૧૫૨૯
બાજરો	૫૦૦	૫૭૨
ઘઉં ટુકડા	૫૭૫	૭૪૪
જુવાર	૭૦૦	૮૭૦
મગ	૨૦૦૦	૨૪૨૫
અડદ	૧૧૭૫	૧૩૫૧
તુવેર	૧૧૭૨	૧૫૦૧
ચણા	૧૧૦૦	૧૧૨૫
સોયાબીન	૭૨૬	૭૮૧
ધારી		
કપાસ	૧૩૦૦	૧૪૮૦
મગફળી	૭૫૫	૧૦૫૦
ઘઉં	૫૬૧	૫૬૧
ચણા	૧૦૦૦	૧૦૦૦
તલ સફેદ	૨૨૦૦	૨૨૦૦
એરંડા	૧૧૭૮	૧૧૭૮
સોયાબીન	૬૯૦	૭૮૫
ચોળી	૧૦૦૦	૧૦૦૦
ખાંભા		
કપાસ	૧૩૮૯	૧૪૮૫
મગફળી	૯૭૦	૧૧૬૨
અડદ	૧૦૨૧	૧૦૨૧
બાજરો	૫૫૫	૫૫૫
જામનગર		
ઘઉં	૫૮૦	૬૬૧
અડદ	૧૧૫૦	૧૫૫૦
ચણા	૧૨૦૦	૧૨૨૦
મગફળ જીણી	૯૦૦	૧૧૧૦
મગફળી જાડી	૮૫૦	૧૦૮૫
એરંડા	૯૫૦	૧૨૨૧
લસણ	૧૦૦૦	૩૩૪૦
કપાસ	૧૨૦૦	૧૫૩૫
જીરૂ	૪૦૦૦	૪૩૮૦
અજમો	૨૦૦૦	૪૫૦૦
ધાણા	૧૧૦૦	૧૪૬૫
ડુંગળી સુકી	૧૧૦	૪૪૦
મરચા સુકા	૬૩૦	૩૬૪૦
સોયાબીન	૭૫૦	૮૦૦
લીલીયા મોટા		
કપાસ	૧૩૫૪	૧૪૭૪
ભેંસાણ		
કપાસ	૧૨૦૦	૧૫૨૧
ઘઉં	૫૦૦	૬૧૨
મગફળી	૭૦૦	૧૦૮૧
શીંગફાડા	૮૫૦	૯૫૦
તલ સફેદ	૧૮૦૦	૨૦૮૬
જીરૂ	૩૫૦૦	૪૦૮૬
ધાણા	૧૦૦૦	૧૪૦૦
સોયાબીન	૬૦૦	૭૯૬
કોડીનાર		
મગફળી જી-૨૦	૧૦૧૧	૧૧૦૪
મગફળી ૩૨ નં.	૯૮૪	૧૦૬૮
બાજરી હાઈબ્રીડ	૫૨૫	૬૧૯
ઘઉં ટુકડા	૫૩૦	૬૮૧
તુવેર	૧૦૫૦	૧૭૦૨
જુવાર	૭૦૦	૮૩૨
ચણા	૧૦૨૦	૧૨૧૭
જી.તલ	૨૩૫૦	૨૬૮૫
સફેદ તલ	૨૦૦૦	૨૨૫૦
સોયાબીન	૭૭૫	૮૩૮
કપાસ	૧૩૩૦	૧૪૭૦
કાંગ	૬૫૦	૮૨૦
મહુવા		
શીંગ ગીરનાર	૧૦૨૫	૧૧૭૦
શીંગ ૩૨	૯૩૦	૧૧૨૮
શીંગ ૩૯	૯૪૦	૧૧૪૮
શીંગ જી-૨૦	૧૦૭૦	૧૧૬૯
જુવાર	૪૪૨	૯૩૬
બાજરી	૫૦૦	૬૫૩
ઘઉં ટુકડા	૫૫૦	૭૧૪
મકાઈ	૫૩૩	૫૩૩
અડદ	૯૦૦	૧૫૮૨
મગ દેશી	૧૬૦૧	૨૧૮૦
સોયાબીન	૮૦૩	૮૦૫
ચણા	૧૦૦૧	૧૦૦૧
તલ સફેદ	૧૯૦૦	૨૧૧૦
તલ પુરબીન	૨૭૫૭	૨૮૫૧
તુવેર	૧૪૧૫	૧૪૨૬
મેથી	૯૯૦	૯૯૦
ડુંગળી લાલ	૧૫૧	૪૭૦
ડુંગળી સફેદ	૨૪૨	૫૧૦
કપાસ શંકર	૧૧૦૦	૧૪૪૪
નાળીયેર	૬૮૦	૨૩૩૯

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

એકસાથે ૪ પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરી દેવાતા પોલીસ બેડામાં ચકચાર

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૬

ગુજરાત પોલીસબેડામાં ૪ પોલીસ કર્મચારીઓને ડીજીપી વિકાસ સહાયે સસ્પેન્ડ કરી દીધા છે. પ્રાથમિક વિગતો મુજબ ગુજરાત પોલીસમાં વહીવટદારોના મુદ્દે થયેલી તપાસ બાદ કાર્યવાહી સામે આવી છે. એસએમસીના વડા નિર્લિપ્ત રાયના વડપણ હેઠળની સમિતિએ સ્ફોટક રિપોર્ટ બાદ ડીજીપી એક્શન મોડમાં આવ્યા છે. નિર્લિપ્ત રાયના સ્ફોટક રિપોર્ટ બાદ ડીજીપી એક્શનમાં આવતા ગુજરાત પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે. ડીજીપી વિકાસ સહાયે ૪ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. અમદાવાદમાંથી ૧૩ પોલીસ કર્મચારીની જિલ્લા

બદલી કરાઈ હતી. ૧૩ પૈકી ૪ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા છે. નોંધનીય છે કે, વિભાગની મંજૂરી વિના પોલીસકર્મીઓએ અનેક વિદેશ પ્રવાસ કર્યા હતા. જેને લઈ હવે હેડ કૉન્સ્ટેબલ ફિરોજખાન પઠાણને સસ્પેન્ડ કરાયા છે. આ સાથે પોલીસ કોન્સ્ટેબલ હરવિજયસિંહ ચાવડા, મહિપતસિંહ ચૌહાણ, મહેન્દ્રસિંહ દરબારને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

જીપીએસસીની પ્રાથમિક કસોટી, ઉમેદવારો દ્વારા રજૂ થતા વાંધાઓ ઓનલાઈન લેવામાં આવશે

અમદાવાદ,તા.૧૬

જીપીએસસી દ્વારા લેવાતી પ્રાથમિક કસોટીને લઈ મહત્વના સમાચાર આવ્યા છે. જેમાં આન્સર કી રજૂ કર્યા બાદ જવાબોના રજૂ થતા વાંધાઓને લઈ નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે ઉમેદવારો દ્વારા રજૂ થતા વાંધાઓ ઓનલાઈન લેવામાં આવશે. ભૂતકાળમાં ઉમેદવારો પાસે ઓફલાઈન વાંધાઓ મોટા પ્રમાણમાં રજૂ કરવામાં આવતા હતા. અને અગાઉ ઉમેદવારો વાંધાઓ ફિઝિકલી રજૂ કરતા હતા, જેમાં જોડતા ડોક્યુમેન્ટ મોટા પ્રમાણમાં એકત્ર થતા હતા. જીપીએસસીના અધ્યક્ષ હસમુખ પટેલના જણાવ્યા મુજબ નવી વ્યવસ્થા રાજ્યવેરા નિરીક્ષકની પરીક્ષાના આન્સર કી થી શરૂ કરવામાં આવશે. જેમાં આવતીકાલથી રાજ્યવેરા નિરીક્ષકની ભરતી પરીક્ષાના જવાબના વાંધાઓ ઓનલાઈન લેવામાં આવશે. જોકે પ્રત્યેક વાંધા પર રૂપિયા સો ફી લેવામાં આવશે. અને ઉમેદવારોને ફી પરત કરવામાં આવશે નહીં. ત્યારે મધ્યપ્રદેશ, હરિયાણા સહિતના રાજ્યોમાં ફી લેવાય છે જેનો ભૂતકાળમાં કેટલાક ઉમેદવારો દુરૂપયોગ કરતા હતા.

ભૂખ્યાંને ભોજન: કબીર ટેકરી આશ્રમની અનોખી સેવા યાત્રા

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાના કબીર ટેકરી આશ્રમ ખાતે મહંત નારાયણદાસની આગેવાની હેઠળ ચાલતી ટિફિન સેવા એ માનવતાની મહેંક ફેલાવતું અનોખું અભિયાન બની રહ્યું છે. ×ભૂખે કો ભોજન× ના કબીર સાહેબના સંદેશને સાકાર કરતી આ સેવા પ્રવૃત્તિ દ્વારા નિરાધાર, અશક્ત અને જરૂરિયાતમંદ લોકો સુધી દરરોજ ગરમાગરમ ભોજન પહોંચાડવામાં આવે છે. આશ્રમની રસોડા સેવામાં રોજ ત્રણસોથી વધુ ટિફિન તૈયાર કરવામાં આવે છે, જે દરેક જરૂરિયાતમંદના ઘર સુધી પ્રેમ અને આદરભાવ સાથે પહોંચાડવામાં આવે છે. આ સેવા માત્ર ભોજન પૂરતી સીમિત નથી, સરકારી હોસ્પિટલમાં

દાખલ થયેલા દર્દીઓ અને તેમના સગાંઓને પણ ભોજન પહોંચાડવામાં આવે છે. વિશેષ રૂપે, પ્રસૂતા માતાઓને શિરો અને એક કિલો શુદ્ધ ઘી આપવામાં આવે છે. મહંત નારાયણદાસ સ્વયં પણ રસોઈ બનાવવામાં જોડાય છે, જે તેમના સેવાભાવની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કોળીસમાજની ૨૧ દીકરીઓનાં વિનામૂલ્યે સમૂહલગ્ન યોજાશે

કોડીનાર, તા.૧૬

કોડીનાર તાલુકા સમસ્ત કોળી સમાજ અને હરિઓમ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આગામી ૧૯મી જાન્યુઆરીના રોજ સમાજની ૨૧ દીકરીઓના વિનામૂલ્યે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાતભરમાંથી કોળી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે. હરિઓમ સેવા ટ્રસ્ટ અને ધર્મરાજ ફાઉન્ડેશન દ્વારા તાલુકામાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

આ સંસ્થાઓ બિનવારસી મૃતદેહોની અંતિમવિધિ કરવી, અકસ્માત અને હોનારતમાં સેવા આપવી તેમજ ગરીબ દીકરીઓના વિનામૂલ્યે સમૂહલગ્ન કરાવવા જેવી પ્રશંસનીય કામગીરી કરી રહી છે. હરિઓમ સેવા ટ્રસ્ટ દ્વારા ત્રીજી વખત સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૧ દીકરીઓ લગ્નગ્રંથિથી જોડાશે.

ધોરાજી પેન્શનર મંડળની ૪૪મી સાધારણ સભા યોજાઈ

૭૩ વર્ષથી વધુ વયના પેન્શનરોનું વિશેષ સન્માન કરાયું

ધોરાજી,તા.૧૬

ધોરાજી તાલુકા પેન્શનર મંડળની ૪૪મી સાધારણ સભા યોજાઈ હતી, જેમાં મંડળના પ્રમુખ ભરતભાઈ ભાલોડિયા, નિવૃત્ત ટ્રેજરી ઓફિસર વિઠલાણી અને બી.વી. હિરાણી સહિત ૩૦૦

પેન્શનર સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં ૭૩ વર્ષથી વધુ વયના પેન્શનરોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પેન્શનરોના પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌ સભ્યો માટે ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિ.માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના મેમ્બર તરીકે દીપક વઘાસિયાની વરણી

અમરેલી, તા.૧૬

નવી શિક્ષણ નીતિ અન્વયે ગુજરાતની ૧૧ યુનિવર્સિટી માટે રાજ્ય સરકારે જુલાઈ ૨૦૨૩માં કાયદો પસાર કરીને 'કોમન યુનિવર્સિટી એક્ટ' લાગુ કર્યો હતો. કાયદો ઘડાયા બાદ નવેમ્બર ૨૦૨૩માં યુનિવર્સિટીઓમાં તેનો વિધિવત અમલ શરૂ થયો હતો. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૩ અંતર્ગત ૮ યુનિવર્સિટીમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નવરચના કરવામાં આવી છે. આ

અંતર્ગત રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગે શ્રીજી વિદ્યાર્થી ભુવનનાં સંચાલક, અમરેલી જિલ્લા ભાજપના કોષાધ્યક્ષ દીપકભાઈ વઘાસિયાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર તરીકે નિમણૂક કરી છે.

સાવરકુંડલાના સ્વામિનારાયણ શાળાના વિદ્યાર્થીઓનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

સાવરકુંડલા, તા.૧૬

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ની તાલુકા કક્ષાની સ્પર્ધામાં સાવરકુંડલાની સ્વામિનારાયણ શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર દેખાવ કરી અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. એથ્લેટિક્સ વિભાગમાં અંડર-૧૪ કેટેગરીની ૬૦૦ મીટર દોડમાં શ્રેયાંશ બકુલભાઈ ગોરજીયાએ પ્રથમ

સ્થાન પ્રાપ્ત કર્યું, જ્યારે અંડર-૧૭માં ૮૦૦ મીટર દોડમાં કુલદીપ મહેન્દ્રનાથ નાથજીએ સુવર્ણચંદ્રક જીત્યો છે. આ સફળતા પાછળ શાળાના આચાર્ય વ્યાસ સાહેબનું માર્ગદર્શન અને વિજ્ઞાન શિક્ષક વેકરીયા સાહેબની મહેનત રહી છે. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ રમતો માટે તૈયાર કરી, તેમનામાં રમત-ગમત પ્રત્યે રસ દાખવ્યો હતો. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી, સંસ્થા પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી, કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામી અને શુકદેવપ્રસાદદાસજી સ્વામીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

ગીર સોમનાથમાં પ્રથમ બીચ ફેસ્ટિવલ: દીવને ટક્કર આપશે અહેમદપુર માંડવી

ગીર સોમનાથ, તા.૧૬

ગુજરાતના પ્રવાસન ક્ષેત્રમાં એક નવું પરિમાણ ઉમેરાવા જઈ રહ્યું છે. સંઘ પ્રદેશ દીવને અડીને આવેલા ગીર સોમનાથ જિલ્લાના અહેમદપુર માંડવી બીચ ખાતે આગામી ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી દરમિયાન પ્રથમ વખત ભવ્ય બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. દીવના ઘોઘલા બીચને અડીને આવેલો આ રમણીય દરિયાકિનારો હવે પ્રવાસીઓ માટે નવું આકર્ષણ બનવા જઈ રહ્યો છે. ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ સ્થળ મુલાકાત લઈ ફેસ્ટિવલની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. આ ત્રણ દિવસીય મહોત્સવમાં પ્રવાસીઓ માટે અનેક આકર્ષણો રાખવામાં આવ્યા છે. ખાસ કરીને સૂર્યોદય દર્શન પોઈન્ટ, ડોલ્ફિન જોવાનો અનોખો અનુભવ, વોટર સ્પોર્ટ્સની પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્થાનિક ખારવા સમાજની સંસ્કૃતિને ઉજાગર કરતી બોટ પરેડ પણ આ ફેસ્ટિવલનું ખાસ આકર્ષણ રહેશે. રાત્રિના સમયે બીચ પર લાઈવ કોન્સર્ટ અને લેઝર શો જેવા મનોરંજક કાર્યક્રમો યોજાશે. પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ ફૂડ ઝોન પણ ઊભા કરવામાં આવશે, જેમાં સ્થાનિક વ્યંજનોથી માંડીને આંતરરાષ્ટ્રીય ખાણીપીણીની વ્યવસ્થા કરવામાં આવશે. રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અહેમદપુર માંડવી બીચને એક નવા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનું આયોજન છે. આ ફેસ્ટિવલ દ્વારા સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન નકશા પર ગીર સોમનાથનું નામ ચમકશે. આ ફેસ્ટિવલથી દીવની જેમ જ અહેમદપુર માંડવી બીચ પણ પ્રવાસીઓનું પસંદગીનું સ્થળ બનશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

અહલ્યાબાઇ હોલકરની ૩૦૦મી જન્મ જયંતી નિમિત્તે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા યુવા સંમેલન યોજાયું

સોમનાથ, તા.૧૬

પુણ્ય શ્લોકા દેવી અહલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મ જયંતી નિમિત્તે શ્રી પ્રભાસ પાટણ મુકામે ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ ને રવિવારે સવારે ૧૦ વાગ્યાથી ૧૨ જ્યોતિર્લિંગોમાંના પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પુણ્ય શ્લોકા દેવી અહલ્યા બાઈ હોલકર ત્રિશતાબ્દી સમારોહ સમિતિ તથા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોડીનારના દેવળી દેદાજી ગામના કારડીયા અગ્રણીના ઘર પર પથ્થરમારો

અજાણ્યા શખ્સોએ ભારે પથ્થરમારો કરીને ઘરની બાલ્કનીના કાચ તોડી નાખ્યા

કોડીનાર, તા.૧૬

કોડીનાર તાલુકાના દેવળી દેદાજી ગામના કારડીયા રાજપુત સમાજના અગ્રણી અને શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલા કરસનભાઈ સોલંકીના ઘર ઉપર ગત વહેલી સવારે કોઈ અજાણ્યા શખ્સોએ ભારે પથ્થરમારો કરીને ઘરની બાલ્કનીના કાચ તોડી નાખતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

દેવળી ગામમાં આવેલા કરસનભાઈના ઘર ઉપર પથ્થરમારો થતાં અનેક સવાલો ઉભા થયા છે. આરોપીને તાત્કાલિક પકડવા માટે ગામ લોકો દ્વારા માંગ કરવામાં આવી છે. આ ઘટનાને લઈને ગામમાં ચર્ચા સાથે ચકચાર જાગી છે. પોલીસે કરસનભાઈના નિવેદન આધારે તપાસ હાથ ધરી છે.

લોકસાહિત્યકાર માયાભાઈ આહીરને અખાડા પરિષદ દ્વારા સાહિત્ય વિભૂષણની પદવી એનાયત

સાવરકુંડલા, તા.૧૬

તીર્થરાજ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલ મહાકુંભ મેળામાં આચાર્ય મહાસભાના અધ્યક્ષ અને પંચનામ જૂના અખાડાના મહામંડલેશ્વર શ્રીઅવધેશાનંદ ગીરીજી મહારાજ, અખિલ ભારતીય અખાડા પરિષદના મહામંત્રી હરિગીરી મહારાજ, સભાપતિ પ્રેમગીરીજી મહારાજ, શ્રીપંચ દશનામ જુના અખાડાના જગતગુરૂ ગર્ગાચાર્ય પીઠાધીશ્વર મહેન્દ્રાનંદગીરી મહારાજ મુચકુંદ ગુફા જૂનાગઢ, મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજી હિંગળાજ સંન્યાસ આશ્રમ રાજસ્થળી દ્વારા

સુપ્રસિધ્ધ લોકસાહિત્યકાર માયાભાઈ આહીરને સાહિત્ય વિભૂષણની પદવી આપવામાં આવી હતી તેમજ ઉપસ્થિત સંતો, મહંતો, મહામંડલેશ્વરોના વરદ હસ્તે માયાભાઈ આહીરને ફુલહાર, શાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઘાટવડ ખાતે સરકાર મુનીર બાપુના અધ્યક્ષ સ્થાને નેક કામ મિશનની મિટિંગ યોજાઈ

ઘાટવડ,તા.૧૬

સાવરકુંડલાના સરકાર સૈયદ દાદા બાપુ કાદરી ફાતેમીના સુપુત્ર સરકાર સૈયદ મુનીર બાપુ કાદરી તાલાલા મસ્જિદના સંગે બુનિયાદ પ્રસંગે ઘાટવડ પધાર્યા હતા. તેમણે અલ મદીના મસ્જિદમાં અસરની નમાઝ અદા કરી હતી અને ત્યારબાદ તેમના અધ્યક્ષ સ્થાને નેક કામ મિશનની મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટિંગમાં કોડીનારના સાદાત સમાજના પ્રમુખ સૈયદ જિલ્લાની બાપુ કાદરી, સરકાર સૈયદ ફરજંદ અલી બાપુ કાદરી, ઘાટવડના સૈયદ ઈર્શાદ હુસેન બાપુ તેમજ સાવરકુંડલાથી હાફિજ સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઘાટવડ ઘાંચી મુસ્લિમ સમાજના પટેલ આદમભાઈ ચૌહાણ સહિત સમાજના અગ્રણીઓએ પણ મિટિંગમાં હાજરી આપી હતી. કાર્યક્રમ બાદ સરકાર મુનીર બાપુએ સરકાર જાગૃતશા બાબાની દરગાહ અને ઘાટવડ સુન્ની મુસ્લિમ જમાતના જમાતખાનાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ઘાંચી મુસ્લિમ સમાજના યુવાનો અને વડીલોએ મુનીર બાપુની મુલાકાત લઈ તેમનું સ્વાગત કર્યું હતું.

બાબરામાં હિરવા પોકળ તાલુકા કક્ષા વાર્તા સ્પર્ધામાં પ્રથમ આવતા શુભેચ્છા પાઠવાઈ

તસવીર : વિજય માળી

બાબરા, તા.૧૬

બાબરા ખાતે તાલુકા કક્ષાની વાર્તા સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં હિરવા બ્રિજેશભાઈ પોકળએ પ્રથમ નંબરે આવી શાળા તથા એસ.એમ.સી. અને તેમના માતા-પિતાનું ગૌરવ વધાર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ નંબરે આવતા શાળા પરિવાર, એસ.એમ.સી. પરિવાર અને તેમના માતા-પિતા દ્વારા જિલ્લા કક્ષાએ વિજેતા બને તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૪૮/૨૦૨૩

અરજદારઃ શ્રી ગુજરીયા લખમીબેન દિતાભાઈ

સરનામુઃ મું.શિયાળબેટ તા જાફરાબાદ જી અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, શિયાળબેટ મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી ગુજરીયા લખમીબેન દિતાભાઇ** એ તેમની **પુત્રી નામે શ્રી હંસાબેન દિતાભાઇ ગુજરીયા નો જન્મ** તા.૦૩/૦૧/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વાલજીભાઇ બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે સપ્ટેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૮/૦૯/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર છરી વડે હુમલો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૬

મોડી રાત્રે અભિનેતા સૈફ અલી ખાન પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. આ પછી અભિનેતાને ગંભીર હાલતમાં લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં ડોક્ટરોએ તેમની સર્જરી કરી અને તેઓ ખતરામાંથી બહાર છે એવું કહેવામાં આવ્યું હતું. કોઈ અજાણ્યો વ્યક્તિ ઘરમાં ઘૂસી ગયો અને તેના પર છરીથી હુમલો કર્યો. ચોરીના ઈરાદે ઘરમાં ઘૂસેલા અજાણ્યા વ્યક્તિએ તેમના પુત્રના રૂમમાંથી પ્રવેશ કર્યો અને નોકરાણી સાથે ઝઘડો શરૂ કર્યો. નોકરાણીને બચાવવા આવેલા સૈફ અલી ખાન પર હુમલાખોરે હુમલો કર્યો. તેને ઘણી જગ્યાએ ગંભીર ઈજાઓ થઈ હતી. હાલમાં આ મામલે પોલીસનું નિવેદન સામે આવ્યું છે. પોલીસે અનેક ખુલાસા કર્યા છે અને કહ્યું છે કે હવેથી થોડા કલાકોમાં તેઓ આ મામલાના તળિયે પહોંચી જશે. મુંબઈ પોલીસે સીસીટીવી કેમેરામાં બે શંકાસ્પદ લોકોને જોયા છે. મુંબઈ પોલીસ અધિકારીએ દાવો કર્યો હતો કે તે

તેમાંથી એક હોઈ શકે છે. પોલીસ હજુ સુધી એ નિર્ણય પર પહોંચી શકી નથી કે તેમાંથી કોઈ ત્યાં હતું કે નહીં. બંનેની શોધખોળ ચાલુ છે. આમાંથી એક વ્યક્તિની ઓળખ પણ થઈ ગઈ છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે શંકાસ્પદ વ્યક્તિ બાજુની ઈમારત પરથી કૂદીને સૈફ અલી ખાનની ઈમારતમાં પ્રવેશ્યો હતો. તે સીડીનો ઉપયોગ કરીને ઘરમાં પ્રવેશ્યો. પોલીસે સીસીટીવી ફૂટેજમાં જોયું કે એક અજાણ્યો વ્યક્તિ બીજી ઈમારતના કમ્પાઉન્ડમાંથી સૈફની ઈમારતમાં પ્રવેશ્યો હતો. પોલીસ ૪-૫ કલાકમાં કેસ ઉકેલવાનો દાવો કરી રહી છે. પોલીસે એમ પણ કહ્યું કે ઘટનામાં વપરાયેલ છરી તૂટેલી હતી. નોકરાણી લીનાના હાથમાં ઈજા થઈ છે. આ એ જ નોકરાણી છે જેને સૈફ અલી ખાન બચાવી રહ્યો હતો. લીનાની લીલાવતી હોસ્પિટલમાં પણ સારવાર કરવામાં આવી હતી અને ત્યારબાદ તે પોતાનું નિવેદન નોંધાવવા માટે બાંદ્રા પોલીસ સ્ટેશન પહોંચી હતી. સૈફ અલી ખાનના ઘરે છેલ્લા બે-ત્રણ દિવસથી ફ્લોર પોલિશિંગનું કામ ચાલી રહ્યું છે. પોલીસે આ મજૂરોની પણ પૂછપરછ કરી છે. જ્યારે પોલીસે સૈફ અલી ખાનના ઘરના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા, ત્યારે કોઈ આવતું કે જતું જોવા મળ્યું નહીં.

અમેરિકામાં એક ભારતીય સહિત ટોપ-૧૦ ભાગેડુંઓની યાદી જાહેર

વોશિંગ્ટન,તા.૧૬

અમેરિકન એફબીઆઈ એક ભારતીય યુવકને શોધી રહી છે, તેને પકડવા માટે ૨ કરોડ રૂપિયાનું ઈનામ પણ રાખવામાં આવ્યું છે. સૌથી મોટી વાત એ છે કે આ ભારતીય હવે એફબીઆઈના મોસ્ટ વોન્ટેડ ૧૦ ભાગેડુઓની યાદીમાં સામેલ થઈ ગયો છે. ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશનની ટોપ ૧૦ યાદીમાં સામેલ ભાગેડુ ભારતીયનું નામ ભદ્રેશ કુમાર પટેલ છે, જેને અમેરિકા શોધી રહ્યું છે. ભદ્રેશ અમેરિકા અને ભારત બંનેમાં મોસ્ટ વોન્ટેડ માણસ છે.

પટેલ, ૩૨ વર્ષીય ગુજરાતી મૂળ, મેરીલેન્ડમાં એપ્રિલ ૨૦૧૫માં તેની પત્નીની હત્યા માટે વોન્ટેડ છે. હવે તેનું નામ એફબીઆઈની દસ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓની યાદીમાં સામેલ થઈ ગયું છે. સંઘીય એજન્સીએ શુક્રવારે ભદ્રેશકુમાર પટેલની ધરપકડ તરફ દોરી જાય તેવી કોઈપણ માહિતી માટે રૂ.૨૫૦,૦૦૦ સુધીના ઈનામની જાહેરાત કરી હતી.

માનહાનિ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને સંજયસિંહને નોટિસ

નવીદિલ્હી,તા.૧૬

દિલ્હી વિધાનસભાની ચૂંટણીની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષો વચ્ચે નિવેદનબાજી વધુ તીવ્ર બની રહી છે. આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને ભાજપના નેતાઓ એકબીજા પર જોરદાર નિશાન સાધી રહ્યા છે. દરમિયાન, ચૂંટણી પહેલા દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આપ સાંસદ સંજય સિંહની મુશ્કેલીઓ વધી ગઈ છે. વાસ્તવમાં, રાઉઝ એવન્યુ કોર્ટે આતિશી અને સંજય સિંહને ફોજદારી માનહાનિની નોટિસ જારી કરી છે. તમને જણાવી દઈએ કે આ મામલો કોંગ્રેસ નેતા સંદીપ દીક્ષિત સાથે સંબંધિત છે.

દિલ્હીના રાઉઝ એવન્યુ કોર્ટે કોંગ્રેસ નેતા સંદીપ દીક્ષિત દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આપ નેતા સંજય સિંહ વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી માનહાનિ કેસમાં ફોજદારી માનહાનિ નોટિસ જારી કરી છે. કોર્ટે ફોજદારી માનહાનિ કેસમાં આતિશી અને સંજય સિંહ પાસેથી જવાબ માંગ્યો છે.

વાસ્તવમાં, કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિત દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં નવી દિલ્હી બેઠક પરથી અરવિંદ કેજરીવાલ સામે ચૂંટણી લડી રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના ઉમેદવાર સંદીપ દીક્ષિતને ભાજપ દ્વારા તેમના ચૂંટણી પ્રચાર માટે ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. સંદીપ દીક્ષિતે આની સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. કોર્ટે આતિશી અને સંજય સિંહ પાસેથી જવાબ માંગ્યો છે અને આગામી સુનાવણીની તારીખ ૨૭ જાન્યુઆરી નક્કી કરી છે.

સંભલમાં વીજચોરી બદલ મદરેસાઓ અને મસ્જિદને ૧૧ કરોડનો દંડ ફટકાર્યો

(એચ.એસ.એલ),સંભલ,તા.૧૬

૨૪ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ કોર્ટના આદેશથી કરાયેલા સર્વે દરમિયાન ઉત્તર પ્રદેશના સંભલમાં શાહી જામા મસ્જિદમાં થયેલી હિંસા બાદ જિલ્લામાં વીજળી ચોરી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં, વીજળી ચોરીના ૧,૪૦૦ થી વધુ કેસ નોંધાયા છે, જેમાં ૧૬ મસ્જિદો અને ૨ મદરેસાઓ પર આરોપ મૂકવામાં આવ્યો છે. આ કેસોમાં વીજળી વિભાગે કુલ ૧૧ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને અત્યાર સુધીમાં લગભગ ૨૦ લાખ રૂપિયાની

રકમ વસૂલ કરવામાં આવી છે. અધિક્ષક ઇજનેર વિનોદ કુમારે જણાવ્યું હતું કે વીજચોરી અંગે તપાસ અને કાર્યવાહી બાદ, ૨૨ મસ્જિદો અને એક ચર્ચમાંથી નવા વીજ જોડાણો માટે અરજીઓ મળી છે. તેમણે એમ પણ કહ્યું કે વિભાગે એ હકીકત પર ખાસ ધ્યાન આપ્યું છે કે રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધીના કલાકો દરમિયાન લોડ પેટર્નમાં અસામાન્ય વધારો થાય છે, જેના કારણે વીજળી ચોરીની શક્યતા વધી જાય છે. આ કારણે નિરીક્ષકોએ રાત્રે નિરીક્ષણ કરવું પડ્યું. તેમણે કહ્યું કે બે દિવસ પહેલા જ વીજળી ચોરીના ૪૨ વધુ કેસ નોંધાયા છે. સંભલ જિલ્લામાં આ કાર્યવાહી સતત ચાલી રહી છે અને વિભાગ અત્યાર સુધીમાં ઘણા મુખ્ય સ્થળોને ઓળખવામાં સફળ રહ્યું છે જ્યાં રાત્રિના સમયે ભારણ વધે છે.

ભારતનું પહેલું આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું અમિત શાહે લોકાર્પણ કર્યું

મહેસાણા,તા.૧૬

વડનગરના ભવ્ય વારસાને સાચવીને બેઠેલી ઐતિહાસિક નગરી વડનગરમાં હવે લોકોને ભવ્ય ભૂતકાળને જોઈ શકશે. વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસને પ્રત્યક્ષ અનુભવવાનો અવસર મળશે. ભારતનું પહેલું આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું લોકાર્પણ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે કર્યું છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આજે વડનગરમાં ખાતે આવેલા પુરાતત્ત્વ પ્રાયોગિત સંગ્રહાલયનું ઉદ્ઘાટન કર્યું છે. ૨૯૮ કરોડના ખર્ચે નિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું છે. "અનંત અનાદિ વડનગર". એ નગર કે જે ભારતના સૌથી પ્રાચીન નગરોમાંથી એક મનાય છે. ગુજરાતની ઐતિહાસિક નગરી તરીકે પ્રસિદ્ધ વડનગરમાં હવે ભવ્ય ઈતિહાસની ઝાંખીની જોવાની તક મળવાની છે. વડનગરમાં દેશનું પહેલું અને વિશ્વનું બીજું સૌથી મોટું આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ તૈયાર થઈ ચુક્યું છે. "એક્સપિરિયન્સ" મ્યુઝિયમની વિશેષતા જ એ છે કે તમને અહીં માત્ર ઈતિહાસ જાણવા નથી મળતો પરંતુ તેને અનુભવવાની તક મળે છે. પ્રાચીન કાળમાં વડનગર એ અનર્તપુર અને આનંદપુર જેવા નામોથી પ્રસિદ્ધ હતું. કહે છે કે સાત અલગ-અલગ "કાળખંડ"માં અહીં સાત અલગ-અલગ રાજવંશોએ શાસન કર્યું. મ્યુઝિયમમાં આ તમામ વિગતો જાણવા મળે છે. આ સાથે જ તે સાત કાળખંડની માટીઓને સ્પર્શવાનો અવસર મળે છે. લોકો વડનગરના ઈતિહાસને નજીકથી સમજી શકે તે માટે વડનગરની ઉત્ખનન સાઈટની બરાબર બાજુમાં આ મ્યુઝિયમ તૈયાર કરાયું છે અને ખોદકામમાં મળેલા ઐતિહાસિક પુરાવાઓને મ્યુઝિયમમાં મુકવામાં આવ્યા છે.

ઈઝરાયેલ અને હમાસ ૧૫ મહિના સુધી યુદ્ધવિરામ પર સહમત થયા

ગાઝા,તા.૧૬

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૧૫ મહિના સુધી યુદ્ધ નહીં થાય. ઈઝરાયેલ અને હમાસ યુદ્ધવિરામ પર સહમત થયા છે. એક ઈઝરાયેલી અધિકારીનું કહેવું છે કે હમાસ સાથે ગાઝા યુદ્ધવિરામની વાટાઘાટોમાં છેલ્લી ઘડીએ અડચણ આવી હતી, જેના કારણે આ સોદો અટકી ગયો હતો. હમાસના એક અધિકારીએ જણાવ્યું

હતું કે જૂથે ગાઝા યુદ્ધવિરામ માટે ઈઝરાયેલના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો અને વાટાઘાટો ચાલુ હતી. ત્યાર બાદ કતાર અને હમાસના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટોમાં છેલ્લી ઘડીનો સ્ટેન્ડઓફ ઉકેલાઈ ગયો છે. કતારના વડાપ્રધાન, જે વાટાઘાટોમાં મધ્યસ્થી કરી રહ્યા છે, હમાસ અને ઈઝરાયેલના પ્રતિનિધિમંડળો સાથે અલગથી મળ્યા હતા, અને થોડા સમય પછી, વિવાદ ઉકેલાઈ ગયો હતો, કતારના અધિકારીએ એમ જણાવ્યું હતું. તમને જણાવી દઈએ કે યુદ્ધવિરામ કરાર ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૧૫ મહિનાથી ચાલેલા સંઘર્ષનો અંત દર્શાવે છે.

ભારત ગઠબંધનને મજબુત બનાવવા નવેસરથી તૈયારીઓ શરૂ કરાશે

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૬

દેશમાં મુખ્ય વિપક્ષી ભારત ગઠબંધનને મજબૂત બનાવવાની તૈયારીઓ નવેસરથી શરૂ કરવામાં આવશે. આ અંતર્ગત પ્રાદેશિક પક્ષોની ભૂમિકા વધારવામાં આવશે. ગઠબંધન ટૂંક સમયમાં દિલ્હીમાં એક બેઠક કરશે જેમાં મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. હકીકતમાં, સમયાંતરે ઈન્ડિયા એલાયન્સના વિરોધના અવાજો તેના ઘટક સંગઠનોમાંથી ઉઠી રહ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, બિહારના મુખ્ય વિપક્ષી પક્ષ આરજેડીના નેતા તેજસ્વી યાદવે

પહેલાથી જ ગઠબંધનની કાર્યશૈલી પર પ્રશ્નો ઉઠાવ્યા છે. ગઠબંધન સૂત્રોનું કહેવું છે કે આ બધાથી વિપરીત, સપા પ્રમુખ અખિલેશ યાદવે ગઠબંધનને મજબૂત બનાવવાની રણનીતિ બનાવી છે. સપાએ એક ફોર્મ્યુલા આપી છે કે ભારત ગઠબંધનમાં પ્રાદેશિક પક્ષોની ભૂમિકા વધારવી જોઈએ. તૃણમૂલ કોંગ્રેસ પહેલાથી જ કહી ચૂકી છે કે ગઠબંધનનું નેતૃત્વ મમતા બેનર્જીને સોંપવું જોઈએ.

પ્રજાસત્તાક દિવસની પરેડની તૈયારીઓ શરૂ : ૪૦ વિમાનો ભાગ લેશે

નવીદિલ્હી,તા.૧૬

રાજધાની દિલ્હીના કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ૨૬ જાન્યુઆરીએ ભારત તેનો ૭૬મો પ્રજાસત્તાક દિવસ ઉજવશે. આ દિવસે કર્તવ્ય પથ પર પરેડનું આયોજન કરવામાં આવશે. આમાં, ભારતના સશસ્ત્ર દળોની વિવિધ શાખાઓ પરેડ કરશે. તે જ સમયે, વાયુસેના પોતાનું કૌશલ્ય દર્શાવશે અને વિવિધ

રાજ્યો પોતાના ટેબ્લો રજૂ કરશે. ભારતીય વાયુસેનાના કુલ ૪૦ વિમાનો પ્રજાસત્તાક દિવસની પરેડનો ભાગ બનશે. જોકે, તેજસ વિમાન તેનો ભાગ રહેશે નહીં. માહિતી અનુસાર, તેજસ એક સિંગલ એન્જિન વિમાન છે. આ કારણોસર, તેઓ આ વખતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેશે નહીં. મળતી માહિતી મુજબ, ભારતીય વાયુસેનાએ આ અંગે નવી નીતિ તૈયાર કરી હતી.

૮મા પગાર પંચની રચનાને મંજૂરી : કેન્દ્રીય કર્મચારીઓને મળી મોદી સરકારની ભેટ

નવીદિલ્હી,તા.૧૬

પ્રધાનમંત્રીએ ગુરુવારે કેન્દ્રીય કર્મચારીઓ માટે એક ખાસ ભેટની જાહેરાત કરી. સરકારે ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ માહિતી આપી. સરકાર દ્વારા ૮મા પગાર પંચને મંજૂરી આપવાની જાહેરાત બજેટ ૨૦૨૫ના થોડા દિવસો પહેલા જ કરવામાં આવી છે. જોકે, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે તેના અમલીકરણની ચોક્કસ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. એવું કહેવામાં આવ્યું છે કે તેની રચના વર્ષ ૨૦૨૬ માં થઈ શકે છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ૭મા પગાર પંચની ભલામણો પહેલાથી જ લાગુ કરવામાં આવી છે. સરકાર કમિશનની બાકીની વિગતો પછીથી આપશે. આમાં ભાગ લેનારા સભ્યોને પણ જાણ કરવામાં આવશે.

સમાચાર અનુસાર, અગાઉના કમિશનની જેમ, આનાથી પણ પગારમાં ફેરફાર થવાની ધારણા છે. આમાં નિવૃત્ત કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહતમાં સુધારો પણ શામેલ છે. અગાઉ, નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારે જાન્યુઆરી ૨૦૧૬ માં લાગુ કરેલા ૭મા પગાર પંચની ભલામણો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે. એક કરોડથી વધુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો તેમના મૂળ પગાર, ભથ્થાં, પેન્શન અને અન્ય લાભોમાં સુધારો કરવા માટે ૮મા પગાર પંચની રચનાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

કેન્દ્ર ઉપરાંત, રાજ્ય સ્તરે સરકારી કર્મચારીઓ પણ ૮મા પગાર પંચની રચનાની રાહ જોઈ રહ્યા છે. તાજેતરના અહેવાલો સૂચવે છે કે ફિટમેન્ટ ફેક્ટર ૨.૫૭ થી વધારીને ૨.૮૬ થવાની શક્યતા છે, જે કર્મચારીઓના મૂળ પગાર પર નોંધપાત્ર અસર કરશે.

ધારો કે જો ફિટમેન્ટ ફેક્ટરને ૨.૮૬ માં સમાયોજિત કરવામાં આવે, તો વર્તમાન લઘુત્તમ મૂળ પગાર રૂ. ૧૮,૦૦૦ સંભવિત રીતે વધીને રૂ. ૫૧,૪૮૦ થઈ શકે છે. અહીં અમે તમને જણાવી દઈએ કે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના સુધારેલા મૂળ પગાર અને પેન્શન નક્કી કરવામાં ફિટમેન્ટ ફેક્ટર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આંધ્રપ્રદેશમાં બે કરતા વધુ બાળકો ધરાવતા નેતાઓ ચૂંટણી લડી શકશે : ચંદ્રાબાબુ નાયડુ

હૈદરાબાદ, તા.૧૬

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રાબાબુ નાયડુએ એક મોટું નિવેદન આપતા કહ્યું છે કે, જે નેતાઓને બેથી વધુ બાળકો હશે તેઓ જ પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણી લડી શકશે. હાલમાં, આંધ્ર પ્રદેશ એસેમ્બલીએ ત્રણ દાયકા જૂના કાયદાને રદ કર્યો હતો જે બે કરતાં વધુ બાળકો ધરાવતા લોકોને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા પર પ્રતિબંધ હતો. નોંધનીય છે કે, ચંદ્રાબાબુ નાયડુ માટે આ કંઈ નવું નથી. તેઓ લગભગ એક દાયકાથી આની તરફેણ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે, તેલુગુ પરિવારોએ વધુ બાળકો પેદા કરવા જોઈએ જેથી વૃદ્ધોની વધતી સંખ્યાની સમસ્યાનો ઉકેલ લાવી શકાય. ગયા વર્ષે તેમણે પરિવારોને વધુ બાળકો પેદા કરવા પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. આંધ્ર પ્રદેશના સીએમના આ નિવેદન બાદ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને પણ આ વિચાર શેર કર્યો અને લોકોને વધુ બાળકોને જન્મ આપવાની અપીલ કરી હતી.

વિરાટ કોહલી અને અનુષ્કા શર્માના નવા મકાનનું કામ પૂર્ણ : ગૃહપ્રવેશની તૈયારીઓ શરૂ

નવીદિલ્હી,તા.૧૬

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી હાલમાં ભારતમાં છે અને તેમના પરિવાર સાથે ક્વોલિટી ટાઈમ વિતાવી રહ્યા છે. આ બંને ઘણીવાર ગેટવે ઓફ ઈન્ડિયાથી અલીબાગ સુધી ફેરી પર જતા જોવા મળે છે. એવું લાગે છે કે તેમના નવા ઘરનું બાંધકામ હવે પૂર્ણ થઈ ગયું છે અને ગૃહપ્રવેશ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ દરમિયાન સોશિયલ



મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં કેટલાક પુરુષો પૂજાની વસ્તુઓ લઈને ફેરી પર જઈ રહ્યા છે અને એક પૂજારી પણ જોવા મળી રહ્યા છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, અનુષ્કા શર્માને ગેટવે ઓફ ઈન્ડિયા પર પાપારાઝીઓએ જોયા હતા. તેણીએ કેઝ્યુઅલ બ્લેક ટી-શર્ટ સાથે બેગી ડેનિમ પહેર્યું હતું અને તેના સનગ્લાસ અને બ્લેક બેગ સાથે લુક કમ્પ્લીટ કર્યો હતો. ૨૦૨૩માં એવા સમાચાર આવ્યા હતા કે વિરાટ કોહલીએ ૬ કરોડ રૂપિયા ખર્ચીને અલીબાગમાં ૨,૦૦૦ સ્ક્વેર ફૂટનો વિલા ખરીદ્યો હતો, જેમાં ૪૦૦ સ્ક્વેર ફૂટનો સ્વિમિંગ પૂલ પણ હતો. આ સિવાય તેણે અને અનુષ્કા શર્માએ અલીબાગમાં એક ફાર્મહાઉસ ખરીદ્યું હતું, જેની કિંમત ૧૯.૨૪ કરોડ રૂપિયા હતી.

રાજકોટમાં ૧૦૦ રૂપિયા જેવી સામાન્ય બાબતે પેટ્રોલ બોમ્બથી હુમલો : ચાર સામે ગુનો નોંધાયો

રાજકોટ,તા.૧૬

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી ઘટના સામે આવી છે. રાજકોટમાં આકાશવાણી ચોક પાસે આવેલી નકલંક ટી હોટલ પાસે આવેલી ચાની હોટલ પર ૧૦૦ રૂપિયાની નાની બાબતે લોકોએ પેટ્રોલ બોમ્બ બનાવી હુમલો કર્યો હતો. જયદેવ રામાવત અને ચિરાગ બાવજી વચ્ચે ૧૦૦ રૂપિયાના પાન માવા બાબતે ઝઘડો થયો હતો. ઝઘડા પછી તેણે અન્ય બે અજાણ્યા લોકો સાથે મળીને હોટલને આગ લગાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ

થઈ ગઈ હતી. પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધી સીસીટીવીના આધારે કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ શહેરમાં પોલીસની રુચિ માત્ર ચોક્કસ કાર્યવાહી પુરતી જ સીમિત હોવાથી બદમાશો નિર્ભય બની ગયા છે. મકરસંક્રાંતિની રાત્રે ૧૦૦ રૂપિયાના વિવાદમાં ચાર લોકોએ ચાની હોટલ પર પેટ્રોલ બોમ્બ ફેંકીને પોલીસની પ્રતિષ્ઠાને કલંકિત કરી હતી. જે લોકોએ કાચની બોટલમાં પેટ્રોલ નાખીને તેને સળગાવી તે કેમેરામાં કેદ થઈ ગયા છે. આ ઘટનાથી ત્યાં હાજર લોકો ગભરાઈ ગયા હતા. ઘટનાને ૨૪ કલાકથી વધુ સમય વીતી જવા છતાં પોલીસ આરોપીઓને પકડી શકી નથી. ઉલ્લેખનીય છે કે મકરસંક્રાંતિના દિવસે બપોરે નકલાંગ ચાની દુકાન પાસે ઠાકરધાની ચાની દુકાનમાં ૧૫ જેટલા લોકો સામસામે આવી ગયા હતા અને ખુલ્લેઆમ મારામારી કરી હતી. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. એટલે કે એક વાત તો સ્પષ્ટ છે કે રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાપાક તત્વોનો આતંક વધી રહ્યો છે.

જામનગરમાં કારચાલકે કાબુ ગુમાવતા અકસ્માત : ૩ લોકોના ઘટનાસ્થળે મોત

જામનગર,તા.૧૬

રાજ્યમાં અકસ્માતની ઘટનાઓમાં દરરોજ વધારો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે ગતરોજ જામનગરમાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જામનગરના લતીપર ગામ પાસે આ ઘટના ઘટી હતી. જેમાં કાર ચાલકે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ કારમાં પાંચ વ્યક્તિ સવાર હતા. જેમાં ત્રણ વ્યક્તિના ઘટના સ્થળે જ મોત નિપજ્યા છે. જ્યારે બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા

છે. આ ઘટનામાં રીસી ચભાડીયા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, વિવેક પરમારનું મોત નિપજ્યું છે. હાલ જામનગર પોલીસ દ્વારા સમગ્ર ઘટનાને લઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે અકસ્માત કેવી રીતે સર્જાયો તે સામે આવી શક્યું નથી. પરંતુ ડ્રાઈવરની બેદરકારીના કારણે આ ઘટના ઘટી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં રહેતા હરનીશભાઈ રાજેશભાઈ ચભાડીયા કે જેના પરિવારમાં કૌટુંબિક દીકરા દીકરીના લગ્ન યોજાયા હોવાથી તે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા, તેમજ જામનગર તાલુકાના વિવાપર ગામના વતની જસ્મીનભાઈ વિઠ્ઠલભાઈ પણસારા તથા હરનીશભાઈ રાજેશભાઈ કે જેઓ પાંચેય ગઈકાલે રાત્રે એક કારમાં બેસીને ધ્રોળ ચા પાણી નાસ્તો કરવા માટે ગયા હતા અને ત્યાંથી રાત્રિના બે વાગ્યે પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન લતીપર ગામના પાટીયા પાસે જી.જે. ૩૬ એ.સી. ૪૯૫૭ નંબરની કારના ચાલક જસ્મીન પણસારાની બેદરકારીના કારણે કાર પલટી મારી ગઈ હતી.

અમદાવાદ ફ્લાવર શોમાં ૧૨ દિવસમાં ૬ કરોડ રૂપિયાની આવક

અમદાવાદ,તા.૧૬

આ વખતે એએમસીને ફ્લાવર શો ૨૦૨૫ ફળ્યો હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ઉપર યોજાયેલા ફ્લાવર શોની ત્રણ જાન્યુઆરીથી આજ દિન સુધી ૮ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. જેનાથી એએમસીની તિજોરીમાં ૬ કરોડ જેટલી માતબર રકમ આવી છે. નોંધનીય છે કે, એએમસીએ ફ્લાવર શો પાછળ

૧૫ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોના ૧૨ દિવસમાં જ છ કરોડ રૂપિયાની આવક થઈ છે. આપને જણાવીએ કે, અત્યાર સુધી સૌથી વધુ મુલાકાતીઓનો ઘસારો મંગળવારે જોવા મળ્યો હતો. જેના કારણે ઉત્તરાયણ પર્વ નિમિત્તે એએમસીની તિજોરી છલકાઈ હતી. કુલ ૧,૦૧,૮૮૯ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લેતાં એએમસીની તિજોરીમાં એક જ દિવસમાં ૮૬ લાખ રૂપિયા આવ્યા હતા.

રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર' શરૂ થશે

ગાંધીનગર,તા.૧૬

'સાંત્વના કેન્દ્ર' એક એવું સ્થળ હશે જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. વિકાસ સહાયે જણાવ્યું કે, વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર, ૧૮૧-અભયમ અને પીએસબીએસએસ જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે 'સાંત્વના કેન્દ્ર'માં ઉપલબ્ધ બનશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ રાજ્યના નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો(સિનિયર સિટીઝન)ની સુરક્ષા અને સલામતી માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે એક નવી પહેલ કરતાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર' શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધશે

અમદાવાદ,તા.૧૬

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધે તેવી સંભાવના છે. તેમજ કેટલાક વિસ્તારોમાં બેવડી ઋતુનો અનુભવ થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલી, બોટાદ, ગાંધીનગર, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં ૧૪ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે. તેમજ કચ્છ, પાટણ સહિતના જિલ્લાઓમાં ૧૧ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે. આ ઉપરાંત અરવલ્લી, દાહોદ, દેવભૂમિ દ્વારકા, જામનગર, જૂનાગઢ, મહીસાગર, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં ૧૩ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી અનુસાર ૧૬ જાન્યુઆરી પછી ઠંડી ઘટવાની શક્યતા વધી શકે છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારમાં કાતિલ ઠંડી જોવા મળી શકે છે.